
૧
આત્મધર્મ
માસિક : વર્ષ-૧૧ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૧૭
શ્રી
સીમંધર સ્વામિ
જિનબિમ્બ
શ્રી સીમંધરસ્વામી જિનમંદિર પ્રતિષ્ઠાનો ૭૬મો વાર્ષિકોત્સવ

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જિન ભગવાન સમ્યગ્દર્શનને મોક્ષરૂપી વૃક્ષનું બીજ તથા મિથ્યાદર્શનને સંસારરૂપી વૃક્ષનું બીજ બતાવે છે, તેથી તે સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં મોક્ષાભિલાષી વિદ્વાનોએ તેના સંરક્ષણ આદિના વિષયમાં મહાન પ્રયત્ન કરવો જોઈએ કારણ કે પાપકર્મથી આછન્ન થઈને ઘણી (—ચોર્યાસી લાખ) યોનીઓના સમૂહથી જટિલ આ સંસારમાં પરિભ્રમણ કરનાર પ્રાણી દીર્ઘ કાળ વીતવાં છતાં પણ હિતકારક તે સમ્યગ્દર્શન ક્યાં પ્રાપ્ત કરી શકે છે ? અર્થાત્ પ્રાપ્ત કરી શકતો નથી. ૧૫૯૭.

*(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દેશવ્રતોદ્યોતન, શ્લોક-૩)*

● ઉત્પત્તિ, સ્થિતિ અને લયની પરિપાટીને સમજનાર ગુણીજનનો શોક તો સ્વયં નષ્ટ થઈ જાય છે, મધ્યમ બુદ્ધિમાનનો શોક આંખમાંથી બે-ચાર આંસુ સારવાથી શાંત થાય છે, પરંતુ જઘન્ય મતિમાનનો શોક તો મરણ સાથે જ જાય છે. ૧૫૯૮. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, ગાથા-૭૩૨)*

● જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (—સર્વ પદાર્થોને) સામાન્ય—વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય અનાદિકાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું—વ્યાપ્ત થયું—હોવાથી જ, બંધ—અવસ્થામાં સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતું થકું, આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે (—અજ્ઞાનદશામાં) વર્તે છે, તેથી એ નક્કી થયું કે કર્મ, પોતે જ બંધસ્વરૂપ છે. માટે પોતે બંધસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે. ૧૫૯૯. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર—ટીકા, ગાથા-૧૬૦)

● આ જગત ઈન્દ્રજાળ તથા કેળના સ્તંભ સમાન કેવળ નિઃસાર છે, એ શું તું નથી જાણતો ? નથી સાંભળ્યું ? વા પ્રત્યક્ષ નથી દેખાતું ? હે જીવ ! આપ્તજનોના મરણ પાછળ શોક કરવો એ નિર્જન અરણ્યમાં પોક મૂકવા સમાન વ્યર્થ છે. જે ઉત્પન્ન થયો છે તે મરશે જ. મરણના સમયે તેને કોણ બચાવી શકે તેમ છે ? છતાં મૂર્ખ મનુષ્ય સંબંધીજનોના મરણ પાછળ શોક કરે છે એ જ અનાદિકાલીન મોહની ઘેલછા છે. ૧૬૦૦. (શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૮૪)

વર્ષ–૧૧
અંક–૬


દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વિ. સંવત
૨૦૭૩

February
A.D. 2017

# પધારો સીમંધર ભગવાન





श्री शान्तिनाथ भगवान श्री सीमन्धरस्वामी श्री पद्मप्रभ भगवान

અહો....સીમંધર ભગવાન! આપની સર્વજ્ઞતા....આપનો અતીન્દ્રિય આનંદ અને સાથે સાથે આપની દિવ્યવાણી એ બધાને લક્ષગત કરીને આપશ્રીને પરમ ભક્તિથી નમસ્કાર કરીએ છીએ.

પ્રભો, આજે અમારે આનંદનો દિવસ છે...સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજે આપ અમારી નગરીમાં પધાર્યા ને આ નગરી સુવર્ણની બની ગઈ...આપશ્રીની પધરામણીને આજે ૭૬ વર્ષ થયા...આપશ્રી પધાર્યા ત્યારે અમારા હર્ષાનંદ ઉલ્લાસનો પાર ન હતો, ને ગત કાળમાં તો આપની મંગલ છાયામાં અનેક ધર્મવૃદ્ધિના પ્રસંગો બન્યા.

પ્રભો, આપના વિદેહમાંથી અહીં આવેલા આપના ભક્તોએ અમને આપનો વીતરાગ માર્ગ દેખાડ્યો....આપના એ ભક્તોએ ભરતક્ષેત્રમાં પણ જાતિસ્મરણ વડે આપનો સાક્ષાત્કાર

(જુઓ અનુસંધાન પેજ નં. ૬ ઉપર)

જીવ હેતુભૂત થતાં અરે! પરિણામ દેખી બંધનું,
ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫. –શ્રી સમયસાર



# હે ભવ્ય ! તું તત્ત્વનો કૌતૂહલી થઈ આત્માનો અનુભવ કર





**अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन् अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम् ।**
**पृथगथ विलसन्तं स्वं समालोक्य येन त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम् ।।२३।।**

(સમયસાર કલશ ૨૩)

શ્રી આચાર્યદેવ કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ ! તું કોઈપણ રીતે મહા કષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતુહલી થઈ આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ આત્માનો અનુભવ કર કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે એકપણાના મોહને તું તુરત જ છોડશે.

મિથ્યાદષ્ટિના મિથ્યાત્વનો નાશ કેમ થાય ? અને ઊંધી માન્યતા ને ઊંધા પાપ અનાદિનાં કેમ ટળે ? તેનો ઉપાય બતાવે છે.

આચાર્યદેવ કડક સંબોધન કરીને કહેતા નથી પણ કોમળ સંબોધન કરીને કહે છે કે હે ભાઈ ! આ તને શોભે છે ! કોમળ સંબોધન કરીને જગાડે છે કે તું કોઈપણ રીતે મહા કષ્ટે અથવા મરીને પણ—મરણ જેટલા કષ્ટ આવે તોપણ તે બધું સહન કરીને તત્ત્વનો કૌતુહલી થા.

જેમ કૂવામાં કોશિયો મારી તાગ લાવે છે તેમ જ્ઞાનથી ભરેલા ચૈતન્ય કૂવામાં પુરુષાર્થરૂપ ઊંડો કોશિયો મારી તાગ લાવ, વિસ્મયતા લાવ, દુનિયાની દરકાર છોડ. દુનિયા તને ગાંડો કહેશે, ભંગડભૂત પણ કહેશે. દુનિયાની અનેક પ્રકારની પ્રતિકૂળતા આવે તોપણ તેને સહન કરીને, તેની ઉપેક્ષા કરીને ચૈતન્ય ભગવાન કેવા છે તેને જોવાને એકવાર કૌતૂહલ તો કર ! જો દુનિયાની અનુકૂળતા કે પ્રતિકૂળતામાં રોકાઈશ તો તારા ચૈતન્ય ભગવાનને તું જોઈ શકીશ નહિ. માટે દુનિયાનું લક્ષ છોડી દઈ અને તેનાથી એકલો પડી એકવાર મહાન કષ્ટે પણ તત્ત્વનો કૌતૂહલી થા !

જેમ સૂતર અને નેતરને મેળ ખાય નહિ તેમ જેને આત્માની ઓળખાણ કરવી હોય તેને અને જગતને મેળ નહિ ખાય. સમ્યક્‌દષ્ટિરૂપ સૂતર અને મિથ્યાદષ્ટિરૂપ નેતરને મેળ નહિ

> યોદ્ધા કરે જ્યાં યુદ્ધ ત્યાં એ નૃપકર્યું લોકો કહે,
> એમ જ કર્યાં વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬. —શ્રી સમયસાર

ખાય. આચાર્યદેવ કહે છે કે બંધુ ! તું ચોરાશીના કૂવામાં પડ્યો છે, તેમાંથી પાર પામવા માટે ગમે તેટલા પરિષહો કે ઉપસર્ગો આવે, મરણ જેટલાં કષ્ટો આવે તોપણ, તેની દરકાર છોડીને, પુણ્ય-પાપરૂપ વિકારભાવનો બે ઘડી પાડોશી થા, તો ચૈતન્યદળ તને જુદું જણાશે. 'શરીરાદિ તથા શુભાશુભ ભાવ એ બધું મારાથી જુદું છે ને હું એનાથી જુદો છું—પાડોશી છું' એમ એકવાર પાડોશી થઈ આત્માનો અનુભવ કર.

સાચી સમજણ કરીને નજીકમાં રહેલા પદાર્થોથી હું જુદો, જાણનાર-દેખનાર છું, શરીર, વાણી, મન તે બધા બહારનાં નાટક છે, તેને નાટકસ્વરૂપે જો. તું તેનો સાક્ષી છો. સ્વાભાવિક અંતર જ્યોતિથી જ્ઞાન ભૂમિકાની સત્તામાં આ બધું જે જણાય છે તે હું નહિ પણ તેનો જાણનારો તેટલો હું—એમ તેને જાણ તો ખરો ! અને તેને જાણીને તેમાં લીન તો થા ! આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા પ્રગટ થાય તેનું આશ્ચર્ય લાવી એકવાર પાડોશી થા.

જેમ મુસલમાનનું ઘર અને વાણિયાનું ઘર નજીક નજીક હોય તો વાણિયો તેનો પાડોશી થઈ રહે છે પણ તે મુસલમાનનું ઘર પોતાનું માનતો નથી, તેમ હે ભવ્ય ! તું પણ ચૈતન્ય સ્વભાવમાં ઠરી પર પદાર્થોનો બે ઘડી પાડોશી થા, આત્માનો અનુભવ કર.

શરીર, મન, વાણીની ક્રિયા તથા પુણ્ય-પાપના પરિણામ તે બધું પર છે, ઊંધા પુરુષાર્થ વડે પરનું માલિકીપણું માન્યું છે, વિકારી ભાવ તરફ તારું બહારનું લક્ષ છે, તે બધું છોડી, સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા કરી, એક અંતર્મુહૂર્ત એટલે બે ઘડી છૂટો પડી ચૈતન્યમૂર્તિ આત્માને છૂટો જો. ચૈતન્યની વિલાસરૂપ મોજને જરીક છૂટો પડીને જો. તે મોજને અંદરમાં દેખતાં શરીરાદિના મોહને તું તરત જ છોડી શકશે. 'ઝગિતિ' એટલે ઝટ દઈને છોડી શકીશ. આ વાત સહેલી છે કેમ તે તારા સ્વભાવની છે. કેવળજ્ઞાન-લક્ષ્મીને સ્વરૂપસત્તાભૂમિમાં ઠરીને જો, તો પર સાથેના મોહને ઝટ દઈને છોડી શકીશ.

ત્રણ કાળ ત્રણ લોકની પ્રતિકૂળતાના ગંજ એક સાથે સામે આવીને ઊભા રહે તો પણ માત્ર જ્ઞાતાપણે રહીને તે બધું સહન કરવાની શક્તિ તારા આત્માના જ્ઞાયક સ્વભાવની એક સમયની પર્યાયમાં રહેલી છે. શરીરાદિથી ભિન્નપણે આત્માને જાણ્યો તેને એ પરિષહોના ગંજ જરાપણ અસર કરી શકે નહિ એટલે કે ચૈતન્ય પોતાના વેપારથી જરા પણ ડગે નહિ.

જેમ કોઈ જીવતા રાજકુમારને—કે જેનું શરીર કોમળ છે તેને—જમશેદપુરની અગ્નિની ભઠ્ઠીમાં એકદમ નાખી દે અને તેને જે દુઃખ થાય તેના કરતાં અનંતગણું દુઃખ પહેલી નરકે છે, અને પહેલી નરક કરતાં બીજી, ત્રીજી આદિ સાતમી નરકે એક એકથી અનંતગણું દુઃખ છે. એવા અનંતા દુઃખની પ્રતિકૂળતાની વેદનામાં પડેલો, મહાઆકરાં પાપ કરીને ત્યાં ગયેલો,

**ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો, અને બાંધે, કરે**
**પુદ્‌ગલદરવને આતમા—વ્યવહારનયવક્તવ્ય છે. ૧૦૭. –શ્રી સમયસાર**

તીવ્ર વેદનાના ગંજમાં પડેલો છતાં, તેમાં કોઈ વાર કોઈ જીવને એવો વિચાર આવે કે અરેરે ! આવી વેદના ! આવી પીડા ! એવા વિચારો કરતાં સ્વસન્મુખ વેગ વળતાં સમ્યગ્દર્શન થઈ જાય છે. ત્યાં સત્‌સમાગમ નથી પણ પૂર્વે એકવાર સત્‌સમાગમ કર્યો હતો, સત્‌નું શ્રવણ કર્યું હતું અને વર્તમાન સમ્યક્ વિચારના બળથી, સાતમી નરકની મહા તીવ્ર પીડામાં પડેલો છતાં પીડાનું લક્ષ ચૂકી જઈને સમ્યગ્દર્શન થાય છે, આત્માનું વેદન થાય છે. સાતમી નરકમાં રહેલા સમ્યગ્દર્શન પામેલા જીવને તે નરકની પીડા અસર કરી શકતી નથી, કારણ કે તેને ભાન છે કે મારા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યને કોઈ પરપદાર્થ અસર કરી શકતો નથી. એવી અનંતી વેદનામાં પડેલા પણ આત્માનો અનુભવ પામ્યા છે, તો સાતમી નરક જેટલી પીડા તો અહીં નથી ને ? મનુષ્યપણું પામીને રોદણાં શું રોયા કરે છે ? હવે સત્‌સમાગમે આત્માની પિછાણ કરી આત્માનુભવ કર. આત્માનુભવનું એવું માહાત્મ્ય છે કે પરિષહ આવ્યે પણ ડગે નહિ ને બે ઘડી સ્વરૂપમાં લીન થાય તો પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ કરે, જીવન્મુક્ત દશા થાય અને મોક્ષદશા થાય તો પછી મિથ્યાત્વનો નાશ કરી સમ્યક્‌દર્શન પ્રગટ કરવું તે તો સુગમ છે.

(શ્રી સમયસાર પ્રવચન ભાગ-૩)

---

(અનુસંધાન પેજ નં. ૩ થી ચાલુ)

કર્યો....ને આપની મધુરી વાણીમાં આવેલા અનેકવિધ મંગલ સંભારણા તાજા થતાં અહીં આનંદ-આનંદ છવાઈ ગયો. પ્રભો ! આપ આવ્યા ને બીજે જ વર્ષે આપનાં સમવસરણ આવ્યા, કુંદકુંદ પ્રભુને પણ આપ સાથે જ લાવ્યા...પછી તો માનસ્તંભ પણ આવ્યા...ને હજારો ભક્તો આપના ચરણ સેવવા આવતાં તેર વર્ષે મંદિર ટૂંકું પડ્યું...તેથી મોટું વિશાળ ઊંચું મંદિર બંધાયું...પ્રભો ! અમારા મહાભાગ્યે આપ સદા અમારી નજર સમક્ષ બિરાજી રહ્યા છો ને મંગલ કૃપાદૃષ્ટિથી અમારું કલ્યાણ કરી રહ્યા છો. અહો, આપની સર્વજ્ઞતા, આપની વીતરાગતા, આપનો પૂર્ણાનંદ, આપનો સ્વાશ્રિત માર્ગ, આપનો આ બધો અચિંત્ય આત્મવૈભવ આપના ભક્ત કહાન અમને અહીં ઓળખાવી રહ્યા છે...ને આપના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી રહ્યા છે. પ્રભો ! અમે તો આપની પાસે વિદેહમાં નથી આવી શકતા પણ આપ વિદેહથી કૃપા કરી અહીં પધાર્યા છો તેથી અમારે તો જાણે અહીં જ વિદેહક્ષેત્ર આવ્યું હોય, ને અમે વિદેહના માનવીઓની વચ્ચે જ વસતા હોઈએ એમ આત્મા ઉલ્લસે છે. આપના ભક્તોના શ્રીમુખથી રોજરોજ આપની વાણીનો સંદેશ સાંભળીએ છીએ... એ સાંભળતાં આપના પ્રત્યે પરમ ભક્તિ જાગે છે.

પ્રભો ! આપને સર્વજ્ઞસ્વરૂપે જ્યાં લક્ષમાં લઈએ છીએ ત્યાં તો અમારો આત્મા જ્ઞાનમય બની જાય છે...રાગ સાથેનો સંબંધ તૂટી જાય છે ને સર્વજ્ઞસ્વભાવ સાથે સંધિ થાય છે....આપના ચિંતનથી આનંદની ધારા ઉલ્લસે છે.

હે પરમ ઉપકારી દેવ ! આપના ચરણોમાં ફરીફરીને નમસ્કાર હો.

# વૈરાગ્ય-ભાવના



(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

અહીં સંવરભાવનાનું વર્ણન છે. સંવર તે ધર્મ છે. સંવર તે મોક્ષમાર્ગ છે. ચિદાનંદ સ્વરૂપનું ભાન થઈને તેમાં એકાગ્રતા થતાં રાગાદિની ઉત્પત્તિ ન થવી, તેનું નામ સંવર છે ને તે મોક્ષનું કારણ છે. સંવર શું છે ? તે કહે છે :—

सम्मत्तं देसवयं महव्वयं तह जओ कसायाणं ।
एदे संवरणामा जोगाभावो तहा च्चेव ।।९५।।

**અર્થ :**—સમ્યગ્દર્શન, દેશવ્રત, મહાવ્રત, કષાયજય તથા યોગનો અભાવ—એ સર્વ સંવરનાં નામ છે. ૯૫.

આત્માની અકષાય શાંતિ પ્રગટ થાય ને વિકાર અટકે તેનું નામ સંવર છે. સમ્યગ્દર્શન તે પહેલો સંવર છે. સમ્યગ્દર્શન વિના મિથ્યાત્વનો સંવર થાય નહિ. સમ્યગ્દર્શન તે જ ધર્મની પહેલી રકમ છે. જેને હજી કુદેવ-કુગુરુનો સંગ અને પ્રેમ છૂટ્યો નથી તેને તો ગૃહીત મિથ્યાત્વ પણ છૂટ્યું નથી, તેને સંવર ધર્મ હોય નહિ; દેવ કેવા હોય ? કે સર્વજ્ઞ વીતરાગ હોય, આહારાદિ ન હોય; અને ગુરુ કેવા હોય ? આત્માના આનંદમાં ઝૂલતા નગ્ન દિગંબર વીતરાગી સંત તે ગુરુ છે; એવી દશા વિના મુનિદશા હોય નહિ અને વીતરાગી અનેકાંતસ્વરૂપ શાસ્ત્ર છે. આવા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને કુદેવાદિને ન છોડે તો ગૃહીત મિથ્યાત્વ છૂટે નહિ ને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યા વિના અગૃહીત મિથ્યાત્વ છૂટે નહિ, ને સંવર ધર્મ થાય નહિ.

દેશવ્રત અને મહાવ્રતને સંવર કહ્યા, ત્યાં તે રાગ તે સંવર નથી, પણ પાંચમા છઠ્ઠા ગુણસ્થાનની જેટલી વીતરાગ દશા છે તે સંવર છે, એમ સમજવું.

"પૂર્વે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ પાંચ પ્રકારના આસ્રવ કહ્યા હતા, તેને અનુક્રમપૂર્વક રોકવા એ જ સંવર છે." મિથ્યાત્વાદિને રોકવા તે ઉપચારનું કથન છે. ખરેખર અહીં સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વાદિનો ઉત્પાદ જ ન થયો તેનું નામ

**ગુણદોષઉત્પાદક કહ્યો જ્યમ ભૂપને વ્યવહારથી,**
**ત્યમ દ્રવ્યગુણઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી. ૧૦૮.** **–શ્રી સમયસાર**

સંવર છે. આત્માની સહજાનંદ સ્વભાવની અપ્રીતિ ને વિષય-કષાયની પ્રીતિ તેનું નામ મિથ્યાત્વ છે. ચોથા ગુણસ્થાને મિથ્યાત્વનો સંવર થાય છે પણ હજી અવ્રતનો સંવર થયો નથી. સમ્યક્ શ્રદ્ધા થતાં કુદેવાદિની માન્યતા રહે જ નહિ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો શુભરાગ તે પણ પુણ્યાસ્રવ છે, તે ખરેખર સંવર નથી. લૌકિક ખાતર પણ જે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને તે મોટો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. અરે ! જૈનોનો દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જો એમ માને કે બાહ્ય ક્રિયાકાંડથી, નિમિત્તથી કે રાગથી ધર્મ થશે—તો તે મિથ્યાદૃષ્ટિ છે, ને એવા જીવને ગુરુ તરીકે માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વના ત્યાગ વગર અવ્રતાદિનો ત્યાગ હોય જ નહિ અને ચૈતન્યવસ્તુના ભાન વિના મિથ્યાત્વનો સંવર થાય નહિ.

અહો ! જ્ઞાનસ્વભાવ છૂટો છે, તેને પરનો પ્રતિબંધ શો ? જ્ઞાનમાં પરનો પ્રતિબંધ છે જ નહિ. છતાં “મારે આટલું કર્યા વગર ન ચાલે” એમ અજ્ઞાની જ્ઞાનમાં પ્રતિબંધ માને છે. જ્ઞાનસ્વભાવ એટલે ત્રણ લોકને જાણનારો છૂટો સ્વભાવ; ત્રણ લોકના પ્રતિબંધ વગરનું છૂટું તત્ત્વ છે, તેવા જ્ઞાનસ્વરૂપી તત્ત્વના ભાન વિના અજ્ઞાની જીવો બહારથી લાભ માનીને જ્ઞાનમાં પ્રતિબંધ કરે છે, તે જ સંસાર છે. જ્ઞાનને પરનો પ્રતિબંધ માનવો તે તો દેવને સાંકળથી બાંધવા જેવું છે ! ચૈતન્યદેવ ત્રણ લોકમાં છૂટું તત્ત્વ છે, તેને પરનો પ્રતિબંધ નથી. જેમ દેવ શીશીમાં પુરાય નહિ, તેમ દિવ્ય જ્ઞાનશક્તિવાળો ચૈતન્યદેવ જડની ક્રિયાના કર્તાપણાથી બંધાય નહિ—એવો તેનો સ્વભાવ છે.

આવા મોકળા—છૂટા જ્ઞાનસ્વભાવને જે માનતો નથી ને “બહારમાં આટલું કરું તો મને લાભ થાય” એમ માને છે તેને મિથ્યાભ્રાંતિ છે; સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાને એવી ભ્રાંતિ હોતી નથી, એટલે તેને મિથ્યાત્વનો સંવર છે. જ્ઞાયકસ્વભાવ દિવ્ય ચિદાનંદ શક્તિવાળો દેવ છે, તેની પ્રતીત થતાં ધર્મીને મિથ્યાત્વનો આસ્રવ થતો નથી, એટલે તેનો સંવર થાય છે.

એ પ્રમાણે ચૈતન્યસ્વભાવનું ભાન થયા પછી તેમાં અંશે અપ્રતિબદ્ધપણું પ્રગટ થયું ત્યાં દેશવિરતિ નામનું પાંચમું ગુણસ્થાન પ્રગટે છે ને ત્યાં અવિરતિનો એકદેશ સંવર થાય છે. છઠ્ઠા ગુણસ્થાને મુનિદશામાં અવિરતિનો સંવર થાય છે. ચૈતન્યના ભાન પછી તેમાં લીન થતાં અંશે આસક્તિ છૂટી ગઈ, તેટલો સંવર થાય છે. બાર અણુવ્રતનો શુભરાગ તે ખરેખર સંવર નથી.

**સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,**
**—મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.　　–શ્રી સમયસાર**

જૈનદર્શનના સંત એવા પંચમહાવ્રતધારી દિગંબર મુનિને દેહ ઉપર વસ્ત્રાદિ હોતાં નથી, એટલો સંવર થઈ ગયો છે. છઠ્ઠા ગુણસ્થાને મુનિદશામાં અવિરતિનો ભાવ છૂટી ગયો છે, ત્યાં વસ્ત્ર વગેરે સહજ છૂટી જાય છે. અંદરમાં ચૈતન્યસ્વભાવમાં લીનતા થઈ તે સંવર છે. પંચમહાવ્રતના વિકલ્પને સંવર નથી કહ્યો, તે તો આસ્રવ છે, પણ અંદર સ્વભાવના અવલંબને જે અકષાયભાવ પ્રગટી ગયો છે, તેનું નામ અવિરતિનો સંવર છે, જેને વસ્ત્રાદિનો પરિગ્રહ હોય તેને તો મુનિદશાને યોગ્ય સંવર હોતો નથી. અનાદિ સનાતન વીતરાગમાર્ગ તો આ પ્રમાણે છે કે મુનિદશા નિર્ગ્રંથ દિગંબર જ હોય. દેહાદિની ક્રિયાથી જે લાભ માને તે મિથ્યાદૃષ્ટિ છે અને વસ્ત્રાદિ પરિગ્રહવાળી દશામાં પણ જે મુનિપણું માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે. મુનિ તો આત્માના નિરાકુળ આનંદની લહેરમાં ઝૂલતા હોય છે ને બહારમાં પરિગ્રહ છૂટી ગયો છે, એવા મુનિને અવિરતિનો સંવર હોય છે. જેને હજી મિથ્યાત્વનો સંવર પણ નથી તેને તો મુનિદશા હોય જ નહિ.

સાતમા ગુણસ્થાને અપ્રમત્તભાવ પ્રગટતાં પ્રમાદનો સંવર થયો, બારમા ક્ષીણમોહગુણસ્થાને વીતરાગતા છે, ત્યાં કષાયનો સંપૂર્ણ સંવર થયો, તથા ચૌદમા ગુણસ્થાને અયોગીદશા પ્રગટી ત્યાં યોગનો સંવર થયો. તેરમા ગુણસ્થાને કેવળી ભગવાનને પણ હજી યોગનો સંવર નથી. યોગનો સંવર ચૌદમા ગુણસ્થાને અયોગી જિનને થાય છે. ચોથા ગુણસ્થાનથી સંવરની શરૂઆત થઈને ચૌદમા ગુણસ્થાને સંવર પૂરો થયો. આત્માનું ભાન થઈને જેમ-જેમ તેનું અવલંબન વધતું જાય છે તેમ તેમ સંવર થતો જાય છે, એમ જાણવું. એ સિવાય બહારની ક્રિયાથી કે રાગથી સંવર થતો નથી.

(ક્રમશઃ) ✻

અશુભ કર્મના ઉદયમાં હાર અને શુભ કર્મના ઉદયમાં વિજય માનવો એ ભાવ-જુગાર છે, શરીરમાં લીન થવું એ ભાવ-માંસભક્ષણ છે, મિથ્યાત્વથી મૂર્છિત થઈને સ્વરૂપને ભૂલી જવું એ ભાવ-મદ્યપાન છે, કુબુદ્ધિના રસ્તે ચાલવું એ ભાવ-વેશ્યાસેવન છે, કઠોર પરિણામ રાખીને પ્રાણોનો ઘાત કરવો એ ભાવ-શિકાર છે, દેહાદિ પરવસ્તુમાં આત્મબુદ્ધિ રાખવી તે ભાવ-પરસ્ત્રીસંગ છે, અનુરાગપૂર્વક પર પદાર્થોનું ગ્રહણ કરવાની અભિલાષા તે ભાવ-ચોરી છે. આ જ સાતે ભાવ-વ્યસન આત્મજ્ઞાનનું વિદારણ કરે છે અર્થાત્ આત્મજ્ઞાન થવા દેતા નથી.

પંડિત બનારસીદાસજી, નાટક સમયસાર, સાધક સાધ્ય દ્વાર, ૫૬-૨૯

# સાચી જિનભક્તિમાં વીતરાગતાનો આદર

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

અરે, સાચો માર્ગ ને સાચું તત્ત્વ સમજ્યા વગર જીવ ક્યાંક અટકી જાય છે. શાસ્ત્રમાં વ્યવહારનાં કથન તો અનેક પ્રકારે આવે, પણ મૂળ તત્ત્વને અને વીતરાગભાવરૂપ માર્ગને લક્ષમાં રાખીને એના અર્થ સમજવા જોઈએ. શુભરાગથી ઊંચા પુણ્ય બંધાય છે—એમ બતાવવા તેનો મહિમા કર્યો ત્યાં કોઈ તેમાં જ ધર્મ માનીને અટકી જાય છે. તો બીજા કેટલાક જીવો તો ભગવાનનું જિનમંદિર હોય ત્યાં દર્શન કરવાય નથી જતા. ભાઈ, જેને વીતરાગતાનો પ્રેમ હોય ને જ્યાં જિનમંદિરનો યોગ હોય ત્યાં તે ભક્તિથી રોજ દર્શન કરવા જાય. જિનમંદિર કરાવવાની વાત તો દૂર રહી પણ ત્યાં દર્શન કરવા જવાનીયે જેને ફૂરસદ નથી—એને ધર્મનો પ્રેમ કોણ કહે ? મોટા મોટા મુનિઓ પણ વીતરાગપ્રતિમાના ભક્તિથી દર્શન કરે છે ને તેમની સ્તુતિ કરે છે. પોન્નૂર ગામમાં એક જૂનું મંદિર છે, કુંદકુંદાચાર્યદેવ ગામમાં આવે ત્યારે તેઓ દર્શન કરવા પધારતા. (સં.૨૦૨૦ની યાત્રામાં આપણે તે મંદિર જોયું છે.) સમન્તભદ્રસ્વામીએ પણ ભગવાનની અદ્‌ભુત સ્તુતિ કરી છે. બે હજાર વર્ષ પહેલાં કોઈ મોટા રાજાને જિનબિંબ પ્રતિષ્ઠા કરાવવાની હતી ત્યારે તેની વિધિ માટેનું શાસ્ત્ર રચવાની આજ્ઞા કુંદકુંદાચાર્યદેવે પોતાના શિષ્ય જયસેનમુનિને કરી; તે જયસેનસ્વામીએ માત્ર બે દિવસમાં પ્રતિષ્ઠાપાઠની રચના કરી. આથી કુંદકુંદાચાર્યદેવે તે જયસેનસ્વામીને 'વસુ-બિંદુ' (એટલે કે આઠ કર્મનો અભાવ કરનાર) એવું વિશેષણ આપ્યું; તેમનો કરેલો પ્રતિષ્ઠાપાઠ 'વસુબિંદુ–પ્રતિષ્ઠાપાઠ' કહેવાય છે. તેના આધારે પ્રતિષ્ઠાની વિધિ થાય છે. મોટા મોટા ધર્માત્માઓને જિનેન્દ્રભગવાનની પ્રતિષ્ઠાનો, તેના દર્શનનો આવો ભાવ આવે, ને તું કહે કે 'મને દર્શન કરવાની ફૂરસદ મળતી નથી, કે મને પૂજા કરતાં શરમ આવે છે !'—તો તને ધર્મની રુચિ નથી, દેવ-ગુરુનો તને પ્રેમ નથી. પાપના કામમાં તને ફૂરસદ મળે છે ને અહીં તને ફૂરસદ નથી મળતી!—એ તો તારું ખાલી બહાનું છે! અને જગતના પાપકાર્યો—કાળાબજાર વગેરે, તેમાં તને શરમ નથી આવતી ને અહીં ભગવાન પાસે જઈને પૂજા કરવામાં તને શરમ આવે છે!! વાહ, બલિહારી છે તારી ઊંધાઈની! શરમ તો પાપકાર્ય કરવામાં આવવી જોઈએ, તેને બદલે ત્યાં તો તને હોંશ આવે છે ને ધર્મનાં

**વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,**
**—મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦. –શ્રી સમયસાર**

કાર્યોમાં શરમ થવાનું કહે છે.–પણ ખરેખર તને ધર્મનો પ્રેમ જ નથી. એક રાજાની કથા આવે છે કે, તે રાજા રાજદરબારમાં આવતો હતો ત્યાં વચ્ચે કોઈ મુનિરાજનાં દર્શન થયાં, ત્યાં ભક્તિથી રાજાએ તેમના ચરણમાં મુકુટબદ્ધ શિર ઝુકાવ્યું....ને પછી રાજદરબારમાં આવ્યો. ત્યાં દીવાને તેના મુગટ ઉપર ધૂળ લાગેલી જોઈ એટલે તે તેને ખંખેરવા લાગ્યો. ત્યારે રાજા તેને અટકાવીને કહે છે કે દીવાનજી રહેવા દો.... એ રજથી તો મારા મુગટની શોભા છે, એ જ રજ તો મારા વીતરાગગુરુના ચરણથી પવિત્ર થયેલી છે!–જુઓ, આ ભક્તિ!! એમાં એને શરમ ન આવે કે અરે, મારા કિંમતી મુગટને ધૂળ લાગી ગઈ!–કે બીજા મારી મશ્કરી કરશે! અરે, ભક્તિમાં શરમ કેવી? ભગવાનના ભક્તને ભગવાનના દર્શન વગર ગોઠે નહિ, અહીં (સોનગઢમાં) પહેલાં મંદિર ન હતું, ત્યારે ભક્તોને એમ થયું કે અરે, આપણને અહીં ભગવાનનો તો વિરહ થયો, એમનાં તો સાક્ષાત્ દર્શન નહિ ને તેમની પ્રતિમાનાં પણ દર્શન નહીં!—એમ દર્શનની ભાવના જાગી. તે ઉપરથી સં.૧૯૯૭માં આ જિનમંદિર થયું. આચાર્યદેવ કહે છે કે અહો, ભગવાનના દર્શનથી કોને પ્રસન્નતા ન થાય!! ને એનું જિનમંદિર તથા જિનપ્રતિમા કરાવે તેનાં પુણ્યની શી વાત!! ભરત ચક્રવર્તી જેવાએ પાંચસો–પાંચસો ધનુષની મોટી પ્રતિમાઓ કરાવી હતી, એની શોભાની શી વાત!! અત્યારે પણ જુઓને—બાહુબલી ભગવાનની મૂર્તિ કેવી છે! અહા, એનો અત્યારે તો ક્યાંય જોટો નથી. નેમિચન્દ્ર સિદ્ધાંત ચક્રવર્તી મહામુનિ હતા, તેમના હસ્તે એની પ્રતિષ્ઠા થઈ છે; ને આની સામેની પહાડી (ચંદ્રગિરિ) ઉપરના એક જિનાલયમાં તેમણે ગોમ્મટસારની રચના કરી હતી. બાહુબલી ભગવાનની એ પ્રતિમાને ગોમ્મટેશ્વર પણ કહેવાય છે. એ તો સત્તાવન ફૂટ ઊંચી છે ને એનો અચિંત્ય દેદાર છે.....પુણ્ય અને પવિત્રતા બન્નેની ઝલક એમની મુદ્રા ઉપર દેખાય છે. ને બાહુબલી ભગવાનની બીજી એક તદ્દન નાની (ચણાના દાણા જેવડી) રત્નપ્રતિમા મૂડબિદ્રિમાં છે. —આવી પ્રતિમા કરવાનો ઉત્સાહ શ્રાવક ધર્માત્માઓને આવે છે એમ અહીં બતાવવું છે.

જુઓ, આ શેની વાત ચાલે છે?

આ શ્રાવકના ધર્મની વાત ચાલે છે. આત્મા રાગ વગરનો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે તેની રુચિ કરીને રાગ ઘટાડવાનો અંતરપ્રયત્ન તે ગૃહસ્થધર્મનો પ્રકાશ કરનારો માર્ગ છે. તેમાં દાનના વર્ણનમાં જિનપ્રતિમા કરાવવાનું ખાસ વર્ણન કર્યું છે. જેમ, જેને ધન

**પુદ્ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,**
**તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧. –શ્રી સમયસાર**

ગોઠ્યું તે ધનવાનનાં ગુણગાન કરે છે તેમ જેને વીતરાગતા ગોઠી છે તે ભક્તિપૂર્વક વીતરાગદેવનાં ગુણગાન કરે છે; તેમના વિરહમાં તેમની પ્રતિમામાં સ્થાપના કરીને દર્શન–સ્તુતિ કરે છે. આ રીતે શુદ્ધસ્વરૂપની દૃષ્ટિ રાખીને, અશુભનાં સ્થાનોથી બચે છે, એવો શ્રાવકભૂમિકાનો ધર્મ છે.

કોઈ કહે કે શુદ્ધતા તે મુનિનો ધર્મ, ને શુભરાગ તે શ્રાવકનો ધર્મ,–તો એમ નથી. ધર્મ તો મુનિને કે શ્રાવકને બંનેને એક જ પ્રકારનો, રાગ રહિત શુદ્ધ પરિણતિરૂપ જ છે. પરંતુ શ્રાવકને હજી શુદ્ધતા ઓછી છે એટલે ત્યાં રાગના પ્રકારો જિનપૂજા–દાન વગેરે હોય છે. તેથી શુદ્ધતાની સાથે તે શુભકાર્યોને પણ ગૃહસ્થના ધર્મ તરીકે વર્ણવ્યા છે; કેમકે એ ભૂમિકામાં એવા શુભભાવ થાય છે.

જુઓને, નગ્ન દિગંબર સંત, વનમાં વસનારા ને સ્વરૂપની સાધનામાં છઠ્ઠે–સાતમે ગુણસ્થાને ઝૂલનારા મુનિને પણ ભગવાન પ્રત્યે કેવા ભાવ ઉલ્લસે છે! તે કહે છે કે નાનકડું જિનમંદિર બનાવે ને તેમાં જવના દાણા જેવડી જિનપ્રતિમા સ્થાપે–તે શ્રાવકના પુણ્યની પણ શી વાત! એટલે કે એને વીતરાગભાવની જે રુચિ થઈ છે તેનાં મહાન ફળની શી વાત! પ્રતિમા ભલે નાની હો–પણ એ વીતરાગતાનું પ્રતીક છે ને! એની સ્થાપના કરનારને વીતરાગભાવનો આદર છે, એનું ફળ મહાન છે. કુંદકુંદસ્વામી તો કહે છે કે અરિહંતદેવને બરાબર ઓળખે તો સમ્યગ્દર્શન થાય. જેને વીતરાગતા વહાલી લાગી, જેને સર્વજ્ઞસ્વભાવ રુચ્યો તેને સર્વજ્ઞ-વીતરાગદેવ પ્રત્યે પરમ ભક્તિનો ઉલ્લાસ આવે છે. ઈન્દ્ર જેવા પણ દેવલોકમાંથી ઊતરી સમવસરણમાં આવી-આવીને તીર્થંકરપ્રભુના ચરણને સેવે છે....હજાર-હજાર આંખથી પ્રભુને દેખે છે–તોય તૃપ્તિ થતી નથી : અહો, આપની વીતરાગી શાંતમુદ્રા જાણે જોયા જ કરીએ! ગૃહસ્થની ભૂમિકામાં આવા ભાવોથી ઊંચી જાતના પુણ્ય બંધાય છે એને રાગ તો છે, પણ રાગનું વલણ સંસાર તરફથી ખસીને ધર્મ તરફ વળી ગયું છે, એટલે વીતરાગતાની ભાવના ભેગી ઘૂંટાયા કરે છે. અહા, ભગવાન જાણે સ્વરૂપમાં ઠરી ગયા હોય, જ્ઞાતાદ્રષ્ટાપણે જગતને સાક્ષીપણે જોઈ રહ્યા હોય ને ઉપશમરસની ધારા વરસતી હોય–એવા ભાવવાળી જિનપ્રતિમા હોય.–આવી નિર્વિકાર વીતરાગ જિનમુદ્રાનું દર્શન તે પોતાના વીતરાગસ્વભાવના સ્મરણનું ને ધ્યાનનું નિમિત્ત છે. (ક્રમશઃ)

❊

**જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,**
**તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.** **–શ્રી સમયસાર**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

જેમ સૂર્યનો સ્વભાવ પ્રકાશ છે તેમ આત્માનો સ્વભાવ જ્ઞાન ને આનંદ છે. તેની પ્રતીતિ કરી આનંદનો અનુભવ થવો તે શાંતિનો ઉપાય છે. આવા આત્માને પરપદાર્થમાં મારાપણાની માન્યતા કેમ મટે ? પોતે આનંદ અને જ્ઞાનરૂપ વસ્તુ છે તેની ઓળખાણ કરી નથી, તેથી પરમાં પોતાનું સ્વરૂપ માને છે. તે માનવાનું શી રીતે છૂટે તેનો ખુલાસો કરે છે. મારું સુખ મારા જ્ઞાનના વેપારમાં છે, અન્ય ઠેકાણે નથી. હું ચૈતન્યસ્વભાવને અનુસરીને થતા જાણવા–દેખવાના ભાવોનો ધારક છું, પણ તે સ્વભાવને ભૂલી ગયો છું, ને અનુપયોગ અર્થાત્ શરીર, મન, વાણી તથા પુણ્ય-પાપની લાગણીઓ કે જે જડ છે તેમાં અનાદિકાળથી રત થયો છું. તે મારાં ને હું એનો એમ માની રહ્યો છું. અનંત આનંદના સ્થાનરૂપને ભૂલ્યો છું તેથી જડ પદાર્થો તથા રાગને મારા માન્યા છે. તેથી સુખ ક્યાંથી થાય ? ન જ થાય. આત્મા ત્રિકાળ આનંદસ્વભાવી પદાર્થ છે. તેને ભૂલી વિકાર તથા જડને મારા માની આનંદ ચૂક્યો છું, તેથી ધર્મ કેમ થાય ? શાંતિ કેમ મળે ? દેહ દેવળના રજકણથી આત્મા જુદો છે. નિજાનંદ સ્વરૂપ વિકારની આડમાં દેખાતું નથી, વિકારને જ પોતાનું સ્વરૂપ માને છે, તેથી દુઃખી થઈ રહ્યો છે. ચિદાનંદ ભગવાન પોતાને ભૂલી પોતાના ચૈતન્યપ્રકાશને નહિ માનતો, શુભાશુભ રાગને કરવા જેવા માને છે તેથી સુખ પામતો નથી.

હવે ધર્માત્મા વિચાર કરે છે કે મેં તે ઉપયોગના પ્રકાશને સાક્ષાત્ યોગ્ય સ્થાનરૂપ કર્યો છે. અજ્ઞાનવડે જાણવા–દેખવાના પરિણામ વિકારમાં તથા શરીરાદિને મારા માનવામાં રોકાતો હતો તે યોગ્યસ્થાન ન હતું. શરીર તથા રાગ-દ્વેષને જ્ઞાન જાણે તેને બદલે રાગદ્વેષ અને શરીર એ જ હું છું,–એમ માને તે ચૈતન્યનું યોગ્ય સ્થાન નથી.

હવે જ્ઞાનાનંદ સ્વભાવનો પ્રકાશ થાય છે. જેવો સ્વભાવ છે તેવો જ પ્રકાશ થાય છે. જેમ સૂર્યમાં અંધકાર નથી તેમ આત્મા ચૈતન્યસ્વભાવી સૂર્ય છે તેમાં શરીર, મન, વિકાર આદિનું એકમેક થવું નથી. જ્ઞાનસ્વભાવમાં જાણવાની પર્યાયને અભેદ કરવી તે

**ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,**
**તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.** **–શ્રી સમયસાર**

ધર્મ છે. તે યોગ્યસ્થાનરૂપ કર્યો કહેવાય છે. જ્ઞાનને જ્ઞાનદ્વારા એકાગ્ર કરી યોગ્ય સ્થાન આપ્યું છે. શરીર, મન, વાણીને મારાં માનતો તે ભૂલ હતી, હું તો જગતના પદાર્થોનો સાક્ષી છું,—એમ માનવું તે ધર્મ છે.

તે શાથી ? 'હું નર'—એવી માન્યતા આ જડરૂપ નરશરીરમાં તો ન ઘટે. જડ શરીર ન જાણે કે 'હું મનુષ્ય છું,' જ્ઞાન જાણે છે કે 'હું મનુષ્ય છું', વીર્ય ને લોહીના બિંદુમાંથી પેદા થઈ, રોટલા, દાળ, ભાતથી શરીર થયું છે. તેને આ માન્યતા ન ઘટે, પણ ઊંધી માન્યતા ઉપયોગથી થઈ છે. શરીરના સુખે પોતાને સુખ માને છે. જાણપણાનો ભાવ આત્માનો છે પણ શ્રદ્ધા ઊંધી કરીને પરને પોતાના માને છે. એવી વિપરીત માન્યતા ઈશ્વરે કે કર્મે કરાવી નથી. એવી માન્યતાનો કરવાવાળો મારો ઉપયોગ જ અશુદ્ધ સ્વાંગ ધારણ કરી બેઠો હતો. જેમ અગ્નિ ઉપર ધૂમાડો હોય ને તેથી અગ્નિ દેખાય નહિ તેમ પુણ્ય-પાપની લાગણીઓ ચારે તરફ દેખાય તેને ચૈતન્યસ્વરૂપ માની લ્યે તે ભૂલ છે. પોતાને ભૂલીને પુણ્ય-પાપ, શુભ-અશુભ લાગણીઓ તે હું તથા હું નિર્ધન, હું ધનવાન વગેરે માન્યતા કરી અશુદ્ધ સ્વાંગ ધારણ કરી બેઠો છે, તે માન્યતા કોઈએ કરાવેલ નથી.

કોઈ એક નટ બળદનો વેશ પહેરી લાવ્યો. તે પૂછે છે કે હું નર ક્યારે થઈશ ? તો જૂઠ જ પૂછે છે, પોતે નર જ છે છતાં ભૂલથી બળદ હોવાની ભ્રમણા થઈ છે. તે દૃષ્ટાંત મુજબ ચિદાનંદ સ્વભાવ આદિ—અંત વિનાનો છે, પોતાનું વાસ્તવિક સ્વરૂપ જ્ઞાન ને આનંદ છે, તેમાં વિકાર કે શરીરાદિ પેઠાં નથી. પુણ્ય-પાપ પર્યાયમાં છે પણ સ્વરૂપમાં તેનો પ્રવેશ નથી, છતાં શરીર તે હું—એમ માને છે. ચિદાનંદ સ્વભાવમાં તેનો પ્રવેશ નથી, તે એકમેક થયા નથી ને થશે નહિ. અનાદિનો મૂઢ પરમાં પોતાપણું માની બેઠો છે. તે કલ્પનાનો ભેખ ચિદાનંદમાં નથી. દીકરી રાંડે કે પૈસા જાય ત્યારે દુઃખની કલ્પના કરે છે, તે મૂળ સ્વરૂપમાં નથી. જુઓ, પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી જવું અને ખોટી ગણતરી કરવી તે જ દુઃખ છે. આ વાત સમજ્યા વિના ધાર્મિક ક્રિયા થતી નથી.

સ્વભાવ—સૂર્યને પોતાનું સ્વરૂપ નહિ માનતાં આ પર તે હું, એમ માને છે. સંસાર એક સમયનો છે, સ્વભાવમાં હતો નહિ, વર્તમાનમાં છે નહિ ને ભવિષ્યમાં રહેશે નહિ. આવા નિત્ય સ્વભાવને ભૂલી ભૂલ કરી બેઠો છે.

વળી હું આવો જ્ઞાનસ્વભાવી છું ને વિકારરૂપે નથી એવી લાગણી પણ

**તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;**
**નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪. —શ્રી સમયસાર**

સ્વભાવમાં નથી. ચિદાનંદ આત્મા પોતાને પર્યાય જેટલો માને છે એ ભૂલ છે. તે ભૂલ પોતાથી મટે એવી છે.

સદા ઉપયોગધારક આનંદરૂપ આપ પોતે જ બન્યો. પ્રથમ ઊંધી માન્યતા હતી તે ટળી જાય ને સાચી માન્યતા થાય એટલે બની જાય એમ કહ્યું છે.

યત્ન વિના આ બનતું નથી. હું જ્ઞાનાનંદ સ્વભાવી છું,—એવી શ્રદ્ધા વિના સ્વરૂપનું નિહાળવું થતું નથી. વર્તમાન પરિણામને અયથાસ્થાનમાં રોક્યા છે તે સ્વસ્થાનમાં રોકે તો ધર્મ થાય તેમ છે. કેટલાક લોકો કહે છે કે સમ્યગ્દર્શન પુરુષાર્થ વિના થાય છે પણ તે વાત ખોટી છે એમ બતાવે છે.

પોતાની નજરની આળસે પોતાના હરિને પોતે જોયો નહિ. પુણ્ય-પાપના સમૂહને આત્માના ભાન દ્વારા હણી નાખે તે હરિ છે. "હે ભગવાન ! હવે અમને ઉગારો" એમ અજ્ઞાની કહે છે તો પછી અત્યાર સુધી ભગવાને ઉગાર્યા નહિ એ ભગવાનનો દોષ થયો એમ નથી. ભગવાન કોઈને ડુબાડનાર નથી તેમ જ ઉગારનાર પણ નથી. પોતાના પુરુષાર્થથી ભૂલ ટાળે ને સાચી શ્રદ્ધા કરે તો સુખ થાય.

બીડી વિના ચાલે નહિ, અડદની દાળ સરખી ન હોય તો ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ—તેવી માન્યતાવાળા રાંકાને આ વાત બેસતી નથી. ઊંધી કલ્પનામાં આખો ભગવાન આત્મા સમાઈ જતો નથી. પોતે સદાય પૂર્ણ જ્ઞાનાનંદ પ્રભુ છે એવી શ્રદ્ધા થતાં પોતાના સ્વરૂપનું અવલોકન થાય છે.

અજ્ઞાની પર ચીજોમાં ગુણ માને પણ પોતામાં ગુણ ન માને. રોટલી ભૂખ ભાંગે, પાણી તૃષા છિપાવે, કપડું ટાઢ ઉડાડે, મકાન રક્ષા કરે—વગેરે ચીજોના ગુણને માને પણ પોતાને તો નમાલો માને છે. અહીં કહે છે કે, તારો સ્વભાવ ગુપ્ત પડ્યો છે, તેનો ભરોસો તને આવતો નથી. શરીર અને વિકારથી ભિન્ન આત્મસ્વભાવ નિર્લેપ છે તેની શ્રદ્ધા કેમ થાય તે કહે છે. (ક્રમશઃ) ❋

---

જેટલું શુભ-અશુભ ક્રિયારૂપ આચરણ અથવા બાહ્યરૂપ વક્તવ્ય અથવા સૂક્ષ્મ અંતરંગરૂપ ચિંતવન, અભિલાષ, સ્મરણ ઈત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે, શુદ્ધ પરિણમન નથી, તેથી બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. તેથી જેમ કામળાનો સિંહ કહેવાનો સિંહ છે તેમ આચરણરૂપ (ક્રિયારૂપ) ચારિત્ર કહેવાનું ચારિત્ર છે, પરંતુ ચારિત્ર નથી. નિઃસંદેહપણે એમ જાણો.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૦૭)

# સમ્યગ્દર્શનની રીત

(૧૭) જુઓ ભાઈ, આ જ આત્માના હિતની વાત છે. આ સમજણ પૂર્વે અનંતકાળમાં એક સેકંડ પણ કરી નથી. એક સેકંડ પણ આવી સમજણ કરે તેને ભવભ્રમણ રહે નહિ. આ સમજ્યા સિવાય બહારનો ગમે તેટલો વૈભવ ભેગો થાય તેમાં આત્માને કાંઈ લાભ નથી. આત્માનું લક્ષ કર્યા વગર આત્માના અનુભવની લાખેણી ઘડીનો લાભ નહિ મળે. જેણે આવા આત્માનો નિર્ણય કર્યો, પછી તેને આહાર, વિહારાદિ સંયોગ હોય ને પુણ્ય-પાપનાં પરિણામ પણ થતાં હોય છતાં આત્માનું લક્ષ છૂટતું નથી, આત્માનો નિર્ણય કર્યો છે તે કોઈ પ્રસંગે ખસતો નથી, એટલે તેને ક્ષણે–ક્ષણે ધર્મ થયા કરે છે.

(૧૮) પોતે સાચું સમજે ત્યાં ખોટું એની મેળે ટળી જાય છે, તેને માટે પ્રતિજ્ઞા કરવી પડતી નથી. કોઈ કહે કે અગ્નિ ઉષ્ણ છે એમ મેં જાણ્યું, હવે મને 'અગ્નિ ઠંડો છે' એમ ન માનવાની પ્રતિજ્ઞા આપો. પણ તેમાં પ્રતિજ્ઞા શું ? અગ્નિનો સ્વભાવ ઉષ્ણ છે એમ જાણ્યું ત્યાં જ તેને ઠંડો ન માનવાની પ્રતિજ્ઞા થઈ જ ગઈ. તેવી જ રીતે 'સાકર કડવી છે' એમ ન માનવાની પ્રતિજ્ઞા આપો એમ કોઈ કહે, તો તેવી પ્રતિજ્ઞા હોય નહિ. સાકરનો ગળ્યો સ્વભાવ નક્કી કર્યો ત્યાં તે પ્રતિજ્ઞા સ્વયમેવ થઈ જ ગઈ. તેમ આત્મસ્વભાવને જેણે જાણ્યો તેને ખોટાની માન્યતા તો ટળી જ ગઈ. સ્વભાવને જાણ્યો ત્યાં 'ખોટું ન માનવાની પ્રતિજ્ઞા' તેમાં આવી જ ગઈ. સાચું જ્ઞાન થયું તે પોતે જ ખોટું ન માનવાની પ્રતિજ્ઞાવાળું છે. 'ખોટાને ન માનવું' એવી પ્રતિજ્ઞા માગે, તો તેનો અર્થ એ થયો કે હજી તેને ખોટાની માન્યતા ઊભી છે, ને સાચાનો નિર્ણય થયો નથી. આત્માના ગુણ-પર્યાયને અભેદ દ્રવ્યમાં જ પરિણમાવીને જેણે અભેદ આત્માનો નિર્ણય કર્યો તેને અભેદ આત્મસ્વભાવની પ્રતીતિરૂપ પ્રતિજ્ઞા થઈ, ત્યાં તેનાથી ઊંધી માન્યતાઓ ટળી જ ગઈ; એટલે ઊંધી માન્યતા ન કરવાની પ્રતિજ્ઞા થઈ ગઈ. તે જ પ્રમાણે જેણે ચારિત્ર પ્રગટ કર્યું તેને અચારિત્ર ન કરવાની પ્રતિજ્ઞા થઈ જ ગઈ.

(૧૯) આ ગાથામાં અરિહંત જેવા આત્માને જાણવાની વાત કરી, તેમાં એટલું તો આવી ગયું કે પાત્ર જીવને અરિહંતદેવ સિવાય સર્વે કુદેવાદિની માન્યતા તો છૂટી જ

> જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,
> તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫. –શ્રી સમયસાર

ગઈ છે. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને ત્યાં અટકતો નથી પણ પોતાના આત્મા તરફ વળે છે. દ્રવ્ય-ગુણ ને પર્યાયથી પરિપૂર્ણ મારું સ્વરૂપ છે, રાગ-દ્વેષ મારું સ્વરૂપ નથી —એમ નક્કી કરીને, પછી પર્યાયનું લક્ષ છોડીને અને ગુણભેદનું પણ લક્ષ છોડીને અભેદ આત્માને લક્ષમાં લે છે ત્યારે એકલા ચિન્માત્ર સ્વભાવનો અનુભવ થાય છે, તે જ વખતે સમ્યગ્દર્શન થાય છે, ને મોહનો ક્ષય થઈ જાય છે.

(૨૦) આત્મા અનંત ગુણનો પિંડ તે હાર છે, તેનો ચૈતન્યગુણ તે ધોળાશ છે, અને તેના એકેક સમયના ચૈતન્યપર્યાયો તે મોતી છે. આત્માનો અનુભવ કરવા માટે પહેલાં તો તે તેના દ્રવ્ય-ગુણ-પર્યાયનો જુદો-જુદો વિચાર કરે છે; પર્યાયમાં રાગ-દ્વેષ થાય તે મારું સ્વરૂપ(સ્વભાવ) નથી, કેમકે અરિહંતના પર્યાયમાં રાગ-દ્વેષ નથી, રાગરહિત કેવળજ્ઞાન પર્યાય મારું સ્વરૂપ છે તે પર્યાય ક્યાંથી આવે છે ? ત્રિકાળી ચૈતન્યગુણ છે તેમાંથી તે પર્યાય પ્રગટે છે અને એવા જ્ઞાન, દર્શન, સુખ, અસ્તિત્વ વગેરે અનંત ગુણોનો એકરૂપ પિંડ તે આત્મદ્રવ્ય છે.—આમ જાણ્યા પછી ભેદનું લક્ષ છોડીને અભેદ આત્માને લક્ષમાં લઈને એક આત્માને જ જાણતાં વિકલ્પરહિત નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે; તે જ નિર્વિકલ્પ આત્મસમાધિ છે, તે જ આત્મસાક્ષાત્કાર છે, તે જ સ્વાનુભવ છે, તે જ ભગવાનનાં દર્શન છે, તે જ સમ્યગ્દર્શન છે. જે કહો તે એ જ ધર્મ છે. જેમ દોરો પરોવેલી સોય ખોવાતી નથી, તેમ આત્મામાં જો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પરોવી લ્યે તો તે આત્મા સંસારમાં ભ્રમણ કરે નહિ.

(૨૧) પહેલાં અરિહંત જેવા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને અરિહંતનું લક્ષ છોડીને પોતાના આત્મા તરફ વળ્યો; હવે અંતરમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના વિકલ્પ છોડીને એક ચેતનસ્વભાવને લક્ષમાં લઈને એકાગ્ર થતાં આત્મામાં મોહ ક્ષય માટેની કેવી ક્રિયા થાય છે, તે કહે છે ગુણ-પર્યાયને દ્રવ્યમાં જ અભેદ કરીને અંતરમાં વળ્યો ત્યાં ઉત્તરોત્તર ક્ષણે કર્તા-કર્મ—ક્રિયાના ભેદનો ક્ષય થતો જાય છે અને જીવ નિષ્ક્રિય ચિન્માત્રભાવને પામે છે. અંતરમાં વળ્યો ત્યાં 'હું કર્તા છું, ને આત્માની શ્રદ્ધા કરવા તરફ વળું છું' એવા ભેદનો વિકલ્પ રહેતો નથી 'હું કર્તા છું, ને પર્યાય કર્મ છે, પુણ્ય-પાપનો કર્તા નથી ને સ્વભાવપર્યાયનો કર્તા છું, પર્યાયને અંતરમાં એકાગ્ર કરવાની ક્રિયા કરું છું, મારો પર્યાય અંતરમાં એકાગ્ર થતો જાય છે' એવા પ્રકારે કર્તા, કર્મ અને ક્રિયાની વહેંચણીના વિકલ્પો નાશ થઈ જાય છે. વિકલ્પરૂપ ક્રિયા રહેતી નથી માટે તે જીવ નિષ્ક્રિય ચિન્માત્રભાવને

**જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,**
**તો એવું પુદ્‌ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે! ૧૧૬. —શ્રી સમયસાર**

પામે છે. 'જે પર્યાય દ્રવ્યમાં વળીને એકાગ્ર થયો તે પર્યાયને મેં વાળ્યો'—એવો કર્તા-કર્મના વિભાગનો વિકલ્પ અનુભવ વખતે હોતો નથી. એકલા ચિન્માત્ર-ભાવ આત્માનો અનુભવ રહી જાય છે, તે જ ક્ષણે મોહ નિરાશ્રય થયો થકો નાશ પામે છે; આ જ અપૂર્વ સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શન થાય ત્યારે 'હું પર્યાયને અંતરમાં વાળું છું' એવો વિકલ્પ હોતો નથી. 'હું પર્યાયને દ્રવ્યમાં વાળું અથવા આ વર્તમાન અંશને ત્રિકાળમાં અભેદ કરું' એવો વિકલ્પ રહે તો રાગ થાય છે ને અભેદ દ્રવ્ય અનુભવમાં આવતું નથી. અભેદસ્વભાવ તરફ ઢળતાં તે વિકલ્પનો ક્ષય થઈ જાય છે અને આત્માનો નિર્વિકલ્પ અનુભવ થાય છે. જીવને આવો અનુભવ થયો ત્યારે તે સમ્યગ્દષ્ટિ થયો, જૈનધર્મી થયો. એ સિવાય ખરેખર જૈનધર્મી એટલે કે મોક્ષનો સાધક કહેવાય નહિ.

સમ્યગ્દષ્ટિ એટલે કે પહેલામાં પહેલો જૈન કેમ થવાય તેની આ રીત કહેવાય છે. આત્મા પરનાં કામ કરે એમ માને તે તો સ્થૂળ મિથ્યાદષ્ટિ અજૈન છે. પુણ્ય-પાપના ભાવ થાય તેને આત્માનું કર્તવ્ય માને તો તે પણ મિથ્યાદષ્ટિ છે, તેને જૈનધર્મ નથી; અને 'અંતરમાં નિર્મળ પર્યાય થાય તેને હું કરું છું' એમ આત્મામાં કર્તા-કર્મના ભેદના વિકલ્પમાં રોકાઈ રહે તો પણ મિથ્યાત્વ ટળતું નથી. 'મારો પર્યાય અંતર તરફ વળે છે, પહેલાં પર્યાય કરતાં બીજા પર્યાયમાં અંતરની એકાગ્રતા વધતી જાય છે'—એમ કર્તા-કર્મ ને ક્રિયાના ભેદનું લક્ષ રહે તે વિકલ્પની ક્રિયા છે, અંતરસ્વભાવમાં વળતાં તે વિકલ્પની ક્રિયાનો ક્ષય થતો જાય છે અને આત્મા નિષ્ક્રિય (એટલે કે વિકલ્પની ક્રિયા રહિત) ચિન્માત્ર ભાવને પામે છે; એટલે તે જીવ સમ્યગ્દષ્ટિ થયો, ધર્મી થયો, જૈન થયો. પછી અસ્થિરતાના કારણે તેને જે રાગ-દ્વેષના વિકલ્પ ઉઠે તેમાં એકતાબુદ્ધિ થતી નથી, ને સ્વભાવની દૃષ્ટિ ટળતી નથી, તેથી સમ્યગ્દર્શનધર્મ ટકી રહે છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૭ થી ચાલુ)

(૨) સુર અને અસુર કોને કહેવાય છે ?
(૩) જમ્બૂ અને શાલ્મલી વૃક્ષ કઈ કાયના છે ?
(૪) હ્રદનો અર્થ શું છે ?
(૫) જંબૂદ્વીપમાં કેટલા સૂર્ય અને ચંદ્ર છે ? અને ક્ષેત્ર શબ્દનો અર્થ શું છે ?

**પ્રશ્ન-૪ નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર નિબંધ લખો (વીસ લાઈન) ૧૨**

(૧) જંબૂદ્વીપ ક્યાં આવેલો છે ? તેનું વર્ણન તમારા શબ્દોમાં લખો.
(૨) સોળ સ્વર્ગોના દેવોનું આયુષ્ય વગેરેનું વિસ્તૃત વર્ણન કરો.

# શાંતિનો ઉપાય

ધર્મી જીવો આત્માના સ્વભાવને કેવો જાણે તેની આ વાત ચાલે છે. જેણે ધર્મ કરવો હોય તેણે પોતાના જ્ઞાનમાં આત્માની યથાર્થ કિંમત જાણવી પડશે. જ્ઞાનમાં જેનો મહિમા લાગે તેમાં જ્ઞાન એકાગ્ર થાય. જો પરનો મહિમા કરીને ત્યાં જ્ઞાન એકાગ્ર થાય તો તે અધર્મ છે અને આત્માનો મહિમા સમજીને ત્યાં જ્ઞાન એકાગ્ર થાય તો તે ધર્મ છે. જેમ—જે જીવોને વિષયોમાં કે લક્ષ્મી વગેરેમાં સુખબુદ્ધિ થઈ છે તે જીવ તેમાં એકાગ્ર થાય છે—જીવનને જોખમમાં મૂકીને પણ તે વિષયોમાં ઝંપલાવે છે કેમ કે તેને જ્ઞાનમાં તેનો મહિમા ભાસ્યો છે, તેમ આત્માનો જ્ઞાનસ્વભાવ અનંત સુખસ્વરૂપ છે, પરથી જુદો છે—એ સ્વભાવનો મહિમા જો જ્ઞાનમાં સમજાય તો બધાયની દરકાર છોડીને જ્ઞાન પોતાના સ્વભાવમાં ઠરે અને સાચી શાન્તિ પ્રગટે, એનું નામ ધર્મ છે. પરંતુ જો જ્ઞાનમાં જણાતા શબ્દ વગેરે પદાર્થો કે તેને જાણનારા અલ્પબોધ જેટલી જ આત્માની કિંમત કરે તો તે જ્ઞાન પર વિષયોમાં અને પર્યાયબુદ્ધિમાં જ અટકી જાય, પણ ત્યાંથી પાછું ખસીને પૂર્ણ સ્વભાવમાં વળે નહિ અને શાંતિ પ્રગટે નહિ.

હે ભવ્ય! તારે આત્માની શાંતિ પ્રગટ કરવી છે, તો તે શાંતિ પરવસ્તુમાંથી નહિ આવે, પર વસ્તુઓ સામે જોવાથી નહિ આવે, વિકારકે ક્ષણિક પર્યાય સામે જોવાથી પણ તે શાંતિ નહિ આવે, પણ તે બધાનું લક્ષ છોડીને તારી વર્તમાન અવસ્થાને ત્રિકાળી જ્ઞાનસ્વભાવમાં એકાકાર કર, તો ત્રિકાળી સ્વભાવના આધારે અવસ્થામાં પરિપૂર્ણ શાંતિ પ્રગટ થાય.

શબ્દ વગેરે વિષયોમાં જરા પણ જ્ઞાન નથી તેથી તેનાથી તો આત્મા જુદો છે અને આત્મામાં પરિપૂર્ણ જ્ઞાન છે,—આત્મા અને જ્ઞાન જરાય જુદાં નથી. —આમ ભેદજ્ઞાન કરીને સ્વભાવ તરફ ઢળે તો સ્વભાવના આશ્રયે જીવને સમ્યક્‌મતિ-શ્રુતજ્ઞાન પ્રગટ થાય અને અલ્પકાળમાં ભવનો અંત આવે. આ સિવાય જે મતિ-શ્રુતજ્ઞાન પર લક્ષે જ કાર્ય કરે તે મિથ્યાજ્ઞાન છે. સ્વલક્ષે સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યા વગર, કોઈ જીવ કષાય ઘટાડે તો તેને પાપાનુબંધી પુણ્ય બંધાય અને સાથે સાથે તે જ વખતે. આખા આત્મસ્વભાવના અનાદરરૂપ મિથ્યાત્વથી અનંત પાપ બાંધે અને અનંત ભવ વધારે.

## મંગલ પત્રિકા લેખનવિધિ

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો આગામી ૧૨૮મો મંગલકારી જન્મજયંતી મહોત્સવ કે જે આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા ભક્તિભાવથી ઊજવવામાં આવનાર છે તેની આમંત્રણ પત્રિકા લેખનવિધિ ફાગણ વદ-૯, તા. ૨૨-૩-૨૦૧૭, બુધવારના રોજ રાખેલ છે તો સર્વે મુમુક્ષુઓને પધારવા અમારું હાર્દિક આમંત્રણ છે.

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—સમ્યક્ત્વનું આત્મભૂત લક્ષણ શું?

ઉત્તર :—સ્વ-પરનું યથાર્થ ભેદજ્ઞાન સદાય સમ્યક્ત્વની સાથે જ હોય છે અને એ બંને પર્યાયો એક જ સ્વદ્રવ્યના આશ્રયે છે; માટે ભેદવિજ્ઞાન તે સમ્યક્ત્વનું આત્મભૂત લક્ષણ છે. ગુણભેદની અપેક્ષાએ સમ્યક્ત્વનું લક્ષણ નિર્વિકલ્પ પ્રતીતિ તે આત્મભૂત લક્ષણ ને સમ્યક્ત્વનું લક્ષણ ભેદવિજ્ઞાન તે અનાત્મભૂત લક્ષણ એમ પણ કહેવાય. નિર્વિકલ્પ અનુભૂતિ સમ્યક્ત્વની સાથે સદાય નથી હોતી. તેથી તેને સમ્યક્ત્વનું લક્ષણ કહેતા નથી. સમ્યક્ત્વ પ્રગટતી વખતે નિર્વિકલ્પ અનુભૂતિ જરૂર હોય છે તેથી તેને ''સમ્યક્ત્વ પ્રગટવાનું'' લક્ષણ કહી શકાય.

અનુભૂતિ તે સમ્યક્ત્વના સદ્ભાવને પ્રસિદ્ધ જરૂર કરે છે, પણ અનુભૂતિ ન હોય ત્યારેય સમકિતીને સમ્યગ્દર્શન હોય છે. માટે અનુભૂતિને સમ્યક્ત્વનું લક્ષણ કહી શકાતું નથી. લક્ષણ એવું હોવું જોઈએ કે લક્ષ્યની સાથે સદૈવ હોય અને જ્યાં લક્ષણ ન હોય ત્યાં લક્ષ્ય પણ ન હોય.

પ્રશ્ન :—સમ્યગ્દર્શનનું સ્વભાવભૂત લક્ષણ શું?

ઉત્તર—અનુભૂતિને લક્ષણ કહ્યું છે પણ ખરેખર તો તે જ્ઞાનની પર્યાય છે. ખરું લક્ષણ તો પ્રતીતિ જ છે. એકલા આત્માની પ્રતીતિ તે શ્રદ્ધાનનું લક્ષણ છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે પાત્રતા કેવા પ્રકારની જોઈએ?

ઉત્તર :—પર્યાય સીધી દ્રવ્યને પકડે તે સમ્યગ્દર્શનની પાત્રતા છે. બાકી વ્યવહાર પાત્રતા તો ઘણા પ્રકારે કહેવાય. મૂળ પાત્રતા તો દૃષ્ટિ દ્રવ્યને પકડી સ્વાનુભવ કરે તે પાત્રતા છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન થવાવાળાની વ્યવહાર યોગ્યતા કેવી હોય?

ઉત્તર :—નિમિત્તથી કે રાગથી સમ્યગ્દર્શન થાય નહિ, પર્યાય-ભેદના આશ્રયે સમ્યગ્દર્શન થાય નહિ, આ બાજુ અંદરમાં ઢળવાથી જ સમ્યગ્દર્શન થાય અને બીજી

**જો વર્ગણા કાર્મણ તણી નહિ કર્મભાવે પરિણમે,**
**સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૧૭. –શ્રી સમયસાર**

કોઈ રીતે ન થાય—એવા પ્રકારની દૃઢ શ્રદ્ધા–જ્ઞાન એ સમ્યગ્દર્શન થવાવાળાની યોગ્યતા છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન માટે ખાસ પ્રકારની પાત્રતાનું લક્ષણ શું?

ઉત્તર :—એને પોતાના આત્માનું હિત કરવા માટે અંદરથી ખરી ધગશ હોય, આત્માને પામવાની તાલાવેલી હોય, દરકાર હોય, ખરેખરી દરકાર હોય તે ક્યાંય અટક્યા વિના પોતાનું કામ કરે જ.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન નહિ થવામાં ભાવજ્ઞાનની ભૂલ છે કે આગમજ્ઞાનની ભૂલ છે?

ઉત્તર :—પોતાની ભૂલ છે. સ્વ તરફ નહિ વળતા પર તરફ રોકાય છે એ જ એની ભૂલ છે. છતી શક્તિ છે તેને અછતી કરી હતી તે તેની ભૂલ છે. એ છતી શક્તિને છતી કરીને જોતાં–દેખતાં એ ભૂલ ટળે છે.

પ્રશ્ન :—તત્ત્વ વિચાર તે સમ્યગ્દર્શન પામવાનું નિમિત્ત છે તો મૂળ સાધન શું છે?

ઉત્તર :—મૂળ સાધન અંદરમાં આત્મા છે ત્યાં દૃષ્ટિનું જોર જાય ને એકદમ પૂર્ણ પરમાત્મા જ હું છું—એમ વિશ્વાસ આવે, જોર આવે ને દૃષ્ટિ અંતરમાં ઢળે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. તે પહેલા તત્ત્વના વિચાર હોય છે, તેની રુચિ છોડીને અંદરમાં જાય છે ત્યારે તે વિચારને નિમિત્ત કહેવાય છે.

પ્રશ્ન :—નવતત્ત્વોને જાણવા તે સમ્યગ્દર્શન છે, કે શુદ્ધ જીવને જાણવો તે સમ્યગ્દર્શન છે?

ઉત્તર :—નવતત્ત્વોને યથાર્થપણે જાણતાં તેમાં શુદ્ધજીવનું જ્ઞાન પણ ભેગું આવી જ જાય છે; ને શુદ્ધ જીવને જાણે તો તેને નવતત્ત્વનું યથાર્થ જ્ઞાન જરૂર હોય છે—આ રીતે, નવતત્ત્વનું જ્ઞાન તે સમ્યક્ત્વ કહો, કે શુદ્ધ જીવનું જ્ઞાન તે સમ્યક્ત્વ કહો—તે બન્ને એક જ છે. (જ્ઞાન કહેતાં તે જ્ઞાનપૂર્વકની પ્રતીત, તેને સમ્યગ્દર્શન સમજવું.)આમાં એક વિશેષતા એ છે કે સમ્યક્ત્વ પ્રગટવાની અનુભૂતિના કાળે નવતત્ત્વો ઉપર લક્ષ નથી હોતું, ત્યાં તો શુદ્ધ જીવ ઉપર જ ઉપયોગની મીટ હોય છે; ને 'આ હું' એવી જે નિર્વિકલ્પ પ્રતીત છે તેના ધ્યેયભૂત એકલો શુદ્ધ આત્મા જ છે.　　(ક્રમશઃ) ❋

**જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્ગલદ્રવ્યને,**
**ક્યમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૧૮.**　　**–શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

(દિનચર્યા : ગતાંકથી આગળ)

સાધકનો કાર્યક્રમ-ભેદજ્ઞાનની પરિણતિનો ને સ્વાનુભૂતિનો કાર્યક્રમ તો સદાને માટે હોય જ છે, શુદ્ધાત્માની શુદ્ધ પર્યાયો—નિર્મળ પર્યાયો પ્રગટ થાય જ છે. તો પછી તેને માટે 'કાર્યક્રમ' એમ શું કહેવું ? તે તો સદાનો જ છે. જે કાર્ય થતું હોય તેમાંથી બીજું કાર્ય થાય તો કાર્યક્રમ કહેવાય કે આટલું કાર્ય અત્યારે, આટલું કાર્ય પછી ને આટલો કાર્યક્રમ આમ કરવો. પણ જે સદાયનું છે તેને 'કાર્યક્રમ'નું નામ શું આપવું ?

અંતરમાં પુરુષાર્થની પરિણતિની સહજ ગતિ ચાલતી જ હોય છે. બહારનાં કાર્યોમાં કાર્યક્રમ કહેવાય છે કે આ ટાઈમે શાસ્ત્રસ્વાધ્યાય હોય છે, આ ટાઈમે દર્શન-પૂજા હોય છે, આ ટાઈમે આ હોય છે. તે બધું તો બહારનું છે, અંતરનો કાર્યક્રમ બધો જુદો જ હોય છે અને તે સદાને માટે ચાલતો જ હોય છે. જાગતાં, સૂતાં, સ્વપ્નમાં, ખાતાં, પીતાં, બોલતાં, ચાલતાં—સદા તે કાર્યક્રમ ચાલુ જ છે, તેને કંઈ આંતરું પડતું નથી. અંતરનું અંતરમાં છે. જ્ઞાન, ધ્યાન, સાધના—એ બહાર કહેવાની વસ્તુ નથી. બહારમાં બધાને કહેવું કે આમ થાય છે ને તેમ થાય છે તે સાધકોની રીત જ નથી.

સમયસારમાં આચાર્યદેવ કહે છે કે અચળ, વ્યક્ત એવી જ્ઞાનજ્યોતિ ચિત્‌શક્તિના ભારથી અત્યંત ગંભીરપણે પ્રગટ થઈ છે. જ્ઞાનજ્યોતિનો સ્વભાવ જ ગંભીર હોય છે. તે બહાર કહેવાની વાત હોતી નથી. શુદ્ધાત્માની નિર્મળ પરિણતિનું કાર્ય તે બહાર કહેવાની વાત નથી, તે અંતરમાં પોતાના માટે છે. અંતરમાં જે જાજ્વલ્યમાન જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે, તે ઉગ્રપણે પ્રગટ થઈ છે અને તે ચિત્‌શક્તિના ભારથી પ્રગટ થઈ છે. ચિત્‌-શક્તિનો ભાર કહીને ચૈતન્ય કાંઈ ખાલી નથી એમ આચાર્યદેવનો કહેવાનો આશય છે.

ચૈતન્યરાજાની દૃષ્ટિ પોતાના ઉપર ચાલી ગઈ, એટલે બિચારા વિભાવ નોધારા થઈને ચાલ્યા જાય છે. પ્રચંડ ચૈતન્યદેવ ઉગ્રપણે પ્રગટ થયો ત્યાં પરની સ્વામિત્વબુદ્ધિ જ

**સ્વયમેવ પુદ્‌ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,**
**જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં—મિથ્યા બને. ૧૧૯. –શ્રી સમયસાર**

ઊડી જાય છે. પછી અલ્પ અસ્થિરતા રહે છે, પણ તે ગૌણ છે. અનંતગુણની શુદ્ધિ પ્રગટ કરતી ચૈતન્યજ્યોતિ પ્રગટ થઈ તે ચારેબાજુથી વિભાવને તોડી નાંખે છે. ક્યાંય ઊભો રહેતો નથી.

ચૈતન્ય, જે સદાને માટે અનાદિ-અનંત—શાશ્વત દ્રવ્ય છે તે પોતે જ આદરણીય છે. તે સ્વઘરમાં જ રહેવા જેવું છે. પુદ્ગલ તો પરઘર છે, ચૈતન્યઘર જ સ્વઘર છે. તે સ્વઘર સદાને માટે આદરણીય છે, વિશ્રામસ્થાન છે, આનંદધામ છે, તેમાં રહેવા માટે કાર્યક્રમ શું ? તેમાં રહેવાની મર્યાદા શું ? સદાને માટે તારે ત્યાં જ રહેવા જેવું છે. સદા-શાશ્વત તેમાં ટકી શકતો નથી તે પોતાની અલ્પ અસ્થિરતા છે. બાકી સદાને માટે—શાશ્વત તેમાં જ રહેવા જેવું છે. કોઈ કાળના—ક્ષણના આંતરા વગર તેમાં રહેવા જેવું છે. ચૈતન્યઘરમાં અમુક કાળ રહેવું અને અમુક કાળ ન રહેવું એવી સાધકોની રીત હોતી જ નથી. આ અંતરની વાત છે. ધ્યેય જેણે લક્ષમાં લીધું તેની સાધકદશા નિરંતર ચાલતી જ હોય છે અને તે અંતરમાં સ્થિર થવા માટે પ્રયત્ન પણ કરે છે, તેથી તેને આવી જાતના (બહારના) કાર્યક્રમો હોય છે તેમ કહેવાય છે.

કાર્યક્રમો તો બહારના સંયોગો પ્રમાણે ઓછા કે વધુ થયા કરે; પણ અંતરમાં તો એકધારા ચાલે જ છે. હું આમ કરું છું, તેમ કરું છું એમ કોઈને કહેવાનું થોડું હોય છે ? તમે પૂછ્યું તેથી વ્યવહારથી આમ હોય છે, તેમ કહ્યું; બીજું શું કહેવાય ? અંતરમાં તો સાધનાનો કાર્યક્રમ ચાલુ જ હોય છે.

પહેલાં જિનમંદિરમાં ઘણીવાર બેસતાં હતાં. ત્યાં જિનેન્દ્ર ભગવાનની સમક્ષ સ્વાધ્યાય કરતાં હતાં ને ધ્યાન કરતાં હતાં તથા ગુરુદેવશ્રીનાં પ્રવચનો સાંભળતાં. એમ બહારના કાર્યક્રમ થતા હતા તે બહારના સંયોગો ઉપર આધાર રાખે છે; પણ અંદરના કાર્યક્રમમાં ફેરફાર થતો નથી.

અંતરનું કરવું તે પોતાના હાથની વાત છે. પરિણતિને ક્યાં લઈ જવી ? કેમ પરિણમાવવી ? કેટલી નિર્મળતા કરવી ? તે પોતાના હાથની વાત છે. તેમાં બહારના સંયોગ સાથે સંબંધ નથી.

સાધકોને જિનમંદિરના દર્શનની, પૂજાની, યાત્રાની, સ્વાધ્યાયની, એકાંતવાસની, એકાંતમાં ધ્યાન કરવાની એવી બધી ભાવના હોય છે. જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય વગેરે

**પુદ્ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;**
**જ્ઞાનાવરણઇત્યાદિપરિણત, તે જ જાણો તેહને. ૧૨૦.** –**શ્રી સમયસાર**

અંતરમાં થતું હોય છે. જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી શુદ્ધ પર્યાયની સાથે શુભભાવ રહે છે.

સહજદશાની અંદર બધું સહજ હોય છે. અંતરનો કાર્યક્રમ સદાને માટે સહજ હોય છે. જ્યાં સુધી મુનિદશા, કેવળજ્ઞાન નથી ત્યાં સુધી અધૂરાશ છે. વિશેષ શું કહેવું ? આગળ જવાની ભાવના નિરંતર રહે છે. દેવ–શાસ્ત્ર–ગુરુનું સાન્નિધ્ય સદાને માટે હો ને આત્માની વીતરાગતા પ્રગટ થાય એવી ભાવના સાધકદશામાં હોય છે. અત્યારે દેવ-ગુરુનું સાન્નિધ્ય નથી તેથી કહ્યું કે દેવ–શાસ્ત્ર–ગુરુનું સાન્નિધ્ય સદાને માટે રહો. આત્માની સાધનાની સાથે દેવ–શાસ્ત્ર–ગુરુનું સાન્નિધ્ય સદાને માટે રહો.

જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી જ્ઞાયકની શાંતિધારા અને જ્ઞાયકની જ્ઞાનધારા સદાને માટે રહે એવો કાર્યક્રમ હોય છે. સ્વાનુભૂતિની ધારા (દૃષ્ટિની ધારા) અને જ્ઞાનની ધારા જે છે તે તો બધું ચાલ્યા કરે છે, તેમાં કંઈ ખંડ પડતો નથી. બહારના કોઈ સંયોગો તેને અટકાવી શકતા નથી. ગુરુદેવે તો બધાને ક્યાંના ક્યાં પહોંચાડી દીધા છે. જે છે તે બધું ગુરુદેવના પ્રતાપે છે. બધું ગુરુદેવના ચરણે છે, બધું તેમનું જ છે.

---

(અનુસંધાન પેજ નં. ૨૬ થી ચાલુ)

તે જ સમયે તેનો મિત્ર લક્ષ્મીકુમાર બોલ્યો, ‘‘વાહ મિત્ર તું ધન્ય છો અને તેને ઉંચા સંસ્કાર આપવામાળી તારી માતા પણ ધન્ય છે. ભાઈ ! હું પણ તારી સાથે આ ચાર બાબતોનું પાલન કરીશ.

ઘરના બધા વ્યક્તિઓ બોલી ઉઠ્યા અમે પણ આ ચાર બાબતોનું પાલન કરીશું. તે અમારા ઘરને એક શુદ્ધ જૈનનું આદર્શ ઘર બનાવી દીધું. જિનકુમાર અને લક્ષ્મીકુમાર આજના પ્રસંગે ઘણા જ ખુશ થયા અને માતાને કહેવા લાગ્યા હે માતા! આજે અમે આપના પ્રતાપથી આનંદપૂર્વક જન્મ દિવસ ઉજવ્યો કારણ કે અમારા જન્મદિવસે અમને ચૈતન્યહીરો મળ્યો છે.

ત્યારે માતાજીએ બંનેને આશીર્વાદ આપ્યા. બેટા! ચૈતન્યહીરાના પ્રકાશ દ્વારા તમે બંને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરો. તમારા બંનેના જન્મદિવસ પર મારા આ બંનેને આશીર્વાદ છે. માતાના ઉત્તમ આશીર્વાદ લઈને બંને મિત્રો ભગવાનના દર્શન કરવા ગયા.

જે જીવ જાણે મહાવીરને, ચૈતન્યમયી શુદ્ધભાવથી,
તે જીવ જાણે આત્મને, સમકિત સહિત આનંદથી.

## બાળ વિભાગ

# ચૈતન્ય હીરો

**(જન્મ-દિવસ પર માતાના આશીર્વાદ)**

ભાઈ જિનકુમાર ! તે હીરો લક્ષ્મીકુમારનો છે તે તું આપી દે.

જિનકુમારે કહ્યું : પિતાજી ! તે તો અમારો હીરો છે. તમારા લક્ષ્મીકુમારનો હીરો મારી પાસે નથી. પરંતુ તમે મારી માતા પાસે આવો તો લક્ષ્મીકુમારનો હીરો પણ બતાવશે.

જિનકુમારની વાત સાંભળી લક્ષ્મીકુમારને લાગ્યું કે કદાચ જિનકુમારે જ મારો હીરો ચોરી લીધો હશે. મારો હીરો જરૂર તેની પાસેથી જ મળશે. તે જિનકુમાર સાથે ગયો. અને પૂછ્યું જિનકુમાર ! મારો હીરો ક્યાં છે તે મને બતાવ.

જિનકુમારે કહ્યું : ભાઈ ! તારો હીરો અમારી પાસે નથી. તારી પાસે જ છે અને હું તને તે બતાવીશ.

લક્ષ્મીકુમાર આશ્ચર્યથી કહેવા લાગ્યો કે શું મારો હીરો મારી પાસે જ છે. જલ્દી બતાવો ક્યાં છે ? આ વીંટીમાં તો તે નથી.

જિનકુમારે કહ્યું : ભાઈ ! તે હીરો વીંટીમાં ન રહે. વીંટી તો જડ છે. તારો ચૈતન્યહીરો તારામાં છે.

લક્ષ્મીકુમાર : તેને કઈ રીતે જોવાય ?

જિનકુમાર : આંખો બંધ કરીને અંદર જો.

લક્ષ્મીકુમાર : અંદર તો અંધારુ દેખાય છે.

જિનકુમાર : ભાઈ અંધારું દેખાય છે પરંતુ તેને જોવાવાળો કોણ છે ? શું તે ખરેખર અંધારું છે કે અંધકારથી ભિન્ન છે ?

લક્ષ્મીકુમારે વિચારીને કહ્યું : તે તો અંધકારથી ભિન્ન છે, જાણનાર છે. ત્યારે જિનકુમારે સમજાવ્યું બસ અંધકારના સમયે પણ જે જાણે છે તે જાણવાવાળો આપણો ચૈતન્યહીરો છે એટલે ચૈતન્યપ્રકાશી હીરો તું જ છે. તારો હીરો ખોવાણો નથી તે તો તારામાં છે. અનંતગુણોના તેજથી તારો ચૈતન્યહીરો ચમકી રહ્યો છે.

જિનકુમારની આવી સુંદર વાત સાંભળી લક્ષ્મીકુમાર ખૂબ જ ખુશ થયો અને ''મારો ચૈતન્ય હીરો મારામાં જ છે'' આવું જાણી તે ઘણો જ આનંદિત થયો. ત્યારે પોતાના મનમાં ચૈતન્યહીરાની પ્રાપ્તિ થવાથી જડ હીરાનો મોહ તૂટી ગયો.

બંને મિત્રો આનંદથી ગાવા લાગ્યા

હું ચૈતન્ય હીરો છું, અનંત ગુણોનો ધારક છું,
જ્ઞાનપ્રકાશથી ચમકુ છું, સ્વ-પરનો પ્રકાશક છું.
જડ હીરાથી ભિન્ન છું, જીવથી કદી પણ ભિન્ન નથી,
અદ્‌ભુત સુખ-નિધાન છું, સાચો ચૈતન્ય-હીરો છું.

પછી તે બંને આનંદપૂર્વક લક્ષ્મીકુમારના ઘેર ગયા.

લક્ષ્મીકુમારે પિતાજીને કહ્યું : પિતાજી! મારો અસલી હીરો મને મળી ગયો. જિનકુમારની પાસેથી તારો હીરો મળ્યો તેથી જરૂરથી તેની માતાએ તે ચોર્યો હશે એવું વિચારી શેઠ ક્રોધપૂર્વક કહેવા લાગ્યા : જિનકુમારની માતા હીરાબેનને બોલાવો.

પરંતુ આ શું? તે આવે તે પહેલા જ લક્ષ્મીકુમારની માતા ચમકતા પત્થરને લઈને આવી અને કહેવા લાગી. આ વીંટીનો હીરો મળી ગયો. વીંટીમાંથી નીકળી ગયો હતો. અત્યારે જ ઘરની સફાઈ કરતા તે મળ્યો. ઘરમાં જ હીરો મળવાથી બધા ખુશ થયા. તે જ સમયે હીરાબેન ત્યાં આવી પહોંચ્યા. જેથી શેઠજી કરુણ સ્વરે બોલ્યા : હે માતા! મને માફ કરી દો. અમારો હીરો અમારા ઘરમાં જ હતો. પરંતુ ભૂલથી અમે તમારા ઉપર આરોપ લગાવ્યો.

હીરાબેને ગંભીરતાથી કહ્યું : ભાઈ! આજે આનંદનો દિવસ છે તેથી દુઃખ છોડો. આજની ઘટનાથી આપણે સમજવું જોઈએ કે આપણો ચૈતન્યહીરો આપણામાં જ છે તેને બહાર ન શોધીએ. જગતના કોઈ પદાર્થ દ્વારા જેની કિંમત ન આંકી શકાય તેવો ચૈતન્યહીરો પ્રત્યેક આત્મા સ્વયં જ છે. અંતરના ચૈતન્યપ્રકાશ દ્વારા તેને પ્રાપ્ત કરવો જોઈએ.

આટલું કહી હીરાબેન પોતાના ઘરે જવા લાગ્યા. ત્યારે શેઠજીએ કહ્યું : અમારા ઘરે ભોજન કરીને જાઓ. (ત્યાં રાત્રે ભોજનની તૈયારી ચાલી રહી હતી.)

માતાએ કહ્યું : અમે રાત્રિભોજન ક્યારેય કરતા નથી.

શેઠજી : બેટા જિનકુમાર તું તો રોકાઈ જા.

જિનકુમાર ગૌરવપૂર્વક બોલ્યા : પિતાજી! અમે તો જિનવરના સંતાન છીએ. અને જિનવરના સંતાન હોવાથી ચાર બાબતોનું હમેશા પાલન કરીએ છીએ.

(૧) દરરોજ ભગવાનનાં દર્શન કરીએ છીએ.

(૨) તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીએ છીએ.

(૩) રાત્રિભોજન ક્યારેય કરતા નથી.

(૪) ક્યારેય વિકથા આદિ કરતા નથી.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૪ ઉપર)

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત**

# બૃહદ્-દ્રવ્યસંગ્રહ અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક–૭ (કુલ માર્ક્સ–૫૦)

**અભ્યાસ ક્રમ –બૃહદ્-દ્રવ્યસંગ્રહ ગાથા ૩૫ લોકભાવના**

**સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.**
**(૨) પ્રશ્નોના ઉત્તર બૃહદ્-દ્રવ્યસંગ્રહ આધારિત આપવાના રહેશે.**

---

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો. (ત્રણ લાઈન) ૧૫**

(૧) લોકાકાશના મુખ્ય ત્રણ ભાગ ક્યા ગણવામાં આવે છે ? તે લોક શાનાથી વિંટળાયેલો છે તેનો આકાર કેવો છે ?
(૨) નરક ક્યા આવેલાં છે ? તે કેટલા છે ? તેના નામ બતાવો. દરેક નરકમાં કેટલા બિલ છે તે જણાવો.
(૩) ત્રસનાડીની લંબાઈ, પહોળાઈ અને ઉંચાઈ બતાવો. ત્રસ નાડીની બહાર ક્યા જીવો નથી ?
(૪) રત્નપ્રભા પૃથ્વીમાં ત્રણ ભાગ ક્યા છે ? તે દરેક ભાગમાં શું શું છે ?
(૫) અઢી દ્વીપમાં સૂર્ય અને ચંદ્ર કેટલા છે ?
(૬) ઉત્તરાયણ અને દક્ષિણાયન નામ કઈ રીતે મળે છે ? તે બંનેમાં કેટલા દિવસો છે ?
(૭) મકર સંક્રાંતિ ક્યારે આવે છે ? તે વખતે રાત્રિ અને દિવસ કેવડા હોય છે ?
(૮) મનુષ્યક્ષેત્રની બહાર જ્યોતિષી વિમાનો છે ? શું તેમનું ગમન થાય છે ?
(૯) જંબૂદ્વીપમાં આવેલી મોટી નદીઓ તથા કુલાચલોના નામ બતાવો.
(૧૦) મધ્યલોકમાં કેટલા દ્વીપ-સમુદ્ર છે ? છેલ્લો દ્વીપ અને છેલ્લો સમુદ્ર ક્યો છે ?

**પ્રશ્ન-૨ નીચેનામાંથી કોઈપણ છ પ્રશ્નોના જવાબ વિસ્તારથી આપો (પાંચથી છ લાઈન) ૧૮**

(૧) નારકીઓના દુઃખોનું લક્ષણ શું છે ? તે દુઃખોનું સ્વરૂપ વર્ણવો. નરકાયુ ઉપાર્જિત કરવાનું કારણ શું ?
(૨) શાસ્ત્રકારે વિદેહક્ષેત્રની પરિભાષા શું આપી છે ?
(૩) મધ્યલોકમાં કેટલા અકૃત્રિમ જિનાલયો આવેલા છે ? તે ક્યાં ક્યાં આવેલા છે ? તે વિગતવાર બતાવો.
(૪) જ્યોતિષી દેવો કેટલા પ્રકારના છે ? તેઓ ક્યાં આવેલા છે ? તે વિગતવાર બતાવો.
(૫) વ્યવકાળ કઈ રીતે પ્રગટ થાય છે ? નિશ્ચયકાળ કોને સહકારી કારણ પણ થાય છે ?
(૬) સ્વર્ગ કેટલા છે ? ગ્રૈવેયક—અનુદિશ અને અનુત્તર કેટલા છે ત્યાં ક્યા દેવો રહે છે ?
(૭) નિશ્ચય લોક ક્યો છે ? કેવડો છે ? તે જ નિશ્ચયલોક પર્યાયમાં કઈ રીતે પરિણમે છે ?
(૮) લોકાનુપ્રેક્ષા કે લોકભાવના નિશ્ચયની કઈ રીતે હોય છે ? લોકનું વર્ણન જાણવું તે ક્યા નયની લોકાનુપ્રેક્ષા છે ?
(૯) જંબૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રના આઠ ક્ષેત્રોના નામ તથા તેમની મધ્યમાં આવેલી નગરીઓના નામ જણાવો.

**પ્રશ્ન-3 નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો. ૫**

(૧) જ્યોતિષી વિમાનો શાનાથી શોભિત છે ?

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)

# SMS સ્પર્ધા-૨૦૧૭

**સૌજન્યકર્તા : લાઠી નિવાસી હાલ બોરીવલી સ્વ. બીપીનભાઈ કનૈયાલાલ ભાયાણીના સ્મરણાર્થે હસ્તે શ્રી સરોજબેન બળવંતરાય ભાયાણી**

(૧) **SMS** સ્પર્ધા-૨૦૧૭માં ભાગ લેવા માટે ઓછામાં ઓછા ૨૭૫ **SMS** સ્વહસ્તાક્ષરમાં લખવા આવશ્યક છે. સ્પર્ધાનો સમય ૧-૨-૨૦૧૭ થી ૨૦-૧૨-૨૦૧૭

(૨) ઉપરોક્ત સમય દરમ્યાન મોકલેલા **SMS** માંથી ૫૦ માર્કસનું એક પ્રશ્નપત્ર કાઢવામાં આવશે. જેના જવાબો સોનગઢમાં ડિસેમ્બર-૨૦૧૭ની શિબિર વખતે પરીક્ષાખંડમાં બેસી લખવાના રહેશે.

(૩) આ સ્પર્ધાની લેખિત પરીક્ષામાં ભાગ લેનારાઓ માટે બે વિભાગ નક્કી કરવામાં આવેલ છે.

(**A**) ૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ :

બાળકો પોતાના વડીલોના મોબાઈલમાંથી **SMS** લખીને પરીક્ષામાં ભાગ લઈ શકે છે.

**A** વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.

પ્રથમ ૨૫૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/- રૂપિયા

(**B**) ૧૪ વર્ષથી ૩૦ વર્ષની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.

**B** વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.

પ્રથમ ૨૫૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/-રૂપિયા

પ્રથમ ત્રણ સ્પર્ધકો સિવાય, ૨૭૫ **SMS** લખી નોટબુક તા. ૨૫-૧૨-૨૦૧૭ સુધીમાં સોનગઢ મોકલનાર (જેમાં ૩૦ વર્ષથી મોટા પણ ભાગ લઈ શકશે.) દરેકને રૂા. ૩૦૦/- નું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે. તથા પ્રશ્નપત્ર લખવા પરીક્ષામાં બેસનાર દરેકને રૂા. ૨૦૦/- નું વધારાનું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.

(૪) તદ્‌ઉપરાંત ૩૦ વર્ષથી નાના સ્પર્ધકોએ પોતાની **SMS** બુકને વિશેષરૂપથી સુશોભિત કરી હશે તેમને નીચે મુજબના પુરસ્કાર આપવામાં આવશે.

પ્રથમ ૧૫૦૦/- દ્વિતીય ૧૦૦૦/- તૃતીય ૫૦૦/-રૂપિયા

(૫) **SMS** સુવિધા શરૂ કરાવવા માટે આપે પોતાના મોબાઈલમાંથી **SMS** ગુજરાતી ભાષામાં (લીપી અંગ્રેજી) મેળવવા **JOIN SDJSMTG** અને હિંદી ભાષામાં(લીપી અંગ્રેજી) મેળવવા **JOIN SDJSMTH** લખી **9220092200** પર **SMS** કરવો.

**SMS** સંબંધી માર્ગદર્શન માટે મોબાઈલ નં. **9276867578** પર ફોન કરવો અથવા **contact@kanjiswami.org** પર ઈ મેઈલ કરવા વિનંતી.

# સોળમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર સાનંદ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૪-૧૨-૨૦૧૬ના રોજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા કહાન પુષ્પ પરિવાર આયોજિત સોળમી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનો મંગલ પ્રારંભ થયો હતો. સોળમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરના સૌજન્યનો લાભ માતુશ્રી કસ્તુરીબેન પોપટલાલ શાહ, હસ્તે બ્ર. નિર્મળાબેન, બ્ર. લતાબેન તથા શ્રીમતી પ્રીતિબેન નવીનભાઈ પોપટલાલ શાહ, બોરીવલીને મળ્યો હતો.

તા. ૨૪-૧૨-૨૦૧૬ના રોજ સૌ શિબિરાર્થી સોનગઢ આવ્યા હતા અને બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન બાદ પરમાગમમંદિરમાં ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાની અધ્યક્ષતામાં શિબિર સૌજન્યકર્તા શ્રી નવીનભાઈ પોપટલાલ શાહ દ્વારા મુમુક્ષુઓ તથા શિબિરાર્થીઓની ઉપસ્થિતિમાં મંગલદીપ પ્રગટાવી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

બાળકો માટે દરરોજ સવારે સુવર્ણપુરીના વિભિન્ન મંદિરોમાં જિનેન્દ્ર અભિષેક, પૂજાનો કાર્યક્રમ રાખવામાં આવતો હતો. શિબિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના છઢાળા, કળશટીકા અને નાટક સમયસાર ઉપર સીડી પ્રવચનો ચાલતા હતા. તદુપરાંત શિબિરમાં પંચસ્તરીય શિક્ષણવર્ગો દિવસમાં ત્રણ કલાક લેવામાં આવતા હતા. આ વર્ગોમાં શ્રી રાજુભાઈ કામદાર, શ્રી રમેશભાઈ મહેતા, શ્રી સુભાષભાઈ શેઠ, શ્રી નિરંજનભાઈ ડેલીવાળા, શ્રી અતુલભાઈ કામદારે અધ્યાપન કરાવ્યું હતું. તથા બહેનોમાં બ્ર. આશાબેન, બાળકોમાં બ્ર. કોકિલાબેન-સોનગઢ તથા ભૂમિકાબેન-બોરીવલી દ્વારા અધ્યાપન કરાવવામાં આવ્યું હતું. આ શિબિરનો ૨૦૦ બાળકો તથા ૧૦૦ અન્ય મુમુક્ષુઓએ લાભ લીધો હતો. આ શિબિરનો લાભ લેવા માટે સૌરાષ્ટ્ર તેમજ મુંબઈના પાર્લા, બોરીવલી, મલાડ, ઘાટકોપર, દાદર, વસઈ, મુલુંડ, શિવપુરી, ઈન્દોર આદિ સ્થળોએથી શિબિરાર્થીઓ આવ્યા હતા. બાળકો દ્વારા રાત્રે ક્વીઝ, ધાર્મિક અંતાક્ષરી, નાટિકા, ગીત વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો દરરોજ રાખવામાં આવ્યા હતા. બધા કાર્યક્રમો દરેકને ઘણા જ પસંદ આવ્યા હતા.

તા. ૨૬-૧૨-૨૦૧૬ના રોજ શ્રી નવીનભાઈ પોપટલાલ શાહ દ્વારા શિબિરાર્થીઓ માટે પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રતિષ્ઠિત જિનમંદિરો– કાનાતળાવ, સાવરકુંડલા, લાઠી અને અમરેલીની યાત્રા યોજવામાં આવી હતી. શિબિરાર્થીઓ માટે ભોજનની વ્યવસ્થા ત્યાંના મુમુક્ષુઓ દ્વારા કરવામાં આવી હતી.

આ શિબિરમાં **SMS** ની આવેલ નોટબુકોમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય તથા **SMS** ની પરીક્ષા લઈ તેમાં પણ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામો આપવામાં આવ્યા હતા. આ સ્પર્ધાના સૌજન્યકર્તાનો લાભ શ્રીમતી સરોજબેન બળવંતરાય ભાયાણી હસ્તે ભાવેશ, કલ્પના, નમન તથા નમિતા, બોરીવલીને પ્રાપ્ત થયો હતો.

આયોજકો તથા શ્રી કહાન પુષ્પ પરિવારના કાર્યકર્તાઓ દ્વારા શિબિરાર્થીઓને આવવા-જવાની, યાત્રાની, આવાસની તથા ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. દેશના જુદા જુદા પ્રાંતોમાંથી આવેલા મહેમાનો તથા બાળકોને શિબિરના દરેક કાર્યક્રમ ખૂબ જ ગમ્યા હતા. શિબિરના આયોજનમાં ટ્રસ્ટીશ્રી નવીનભાઈ પોપટલાલ શાહ તથા તેમના પરિવારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર સોળમી વારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

❊ **શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :** શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો ૩૩મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૨, મંગળવાર, તા. ૨૮-૨-૨૦૧૭ થી ફાગણ સુદ ૭, શનિવાર તા. ૪-૩-૨૦૧૭ સુધી આનંદોલ્લાસસહ શ્રી પંચ પરમેષ્ઠી વિધાન તથા પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

❊ **ફાલ્ગુની નંદીશ્વર-અષ્ટાહ્નિકા :** ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૫-૩-૨૦૧૭, રવિવારથી તા. ૧૨-૩-૨૦૧૭, રવિવાર સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ વગેરે કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

❊ **પરમાગમમંદિર–પ્રતિષ્ઠાતિથિ :** ફાગણ સુદ ૧૩, શુક્રવાર, તા. ૧૦-૩-૨૦૧૭ના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૪૪ મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

---

## વૈરાગ્ય સમાચાર :–

શિકાગો(અમેરિકા) નિવાસી શ્રી નિરંજનભાઈ શાહ (—તેઓ શ્રી અનિલભાઈ શાહ લોસ એન્જલસવાળાના મોટાભાઈ) (ઉ.વ. ૭૪) તા. ૨૮-૧૨-૨૦૧૬ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

ગઢડા(સ્વામીના.) નિવાસી શ્રી સતીશચંદ્ર જગજીવનદાસ કામદાર (ઉ.વ. ૬૩) તા. ૨૮-૧૨-૨૦૧૬ના રોજ દેહ પરિવર્તન કરેલ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના પરમ ભક્ત હતા.

અમદાવાદ નિવાસી (હાલ-સોનગઢ—મૂળ વઢવાણ) શ્રી નવનીતભાઈ કેશવલાલ શાહ (ઉ.વ. ૮૦) તા. ૨૮-૧૨-૨૦૧૬ના રોજ અમદાવાદ મુકામે દેહપરિવર્તન કરેલ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રખર અનુયાયી હતા અને છેલ્લા ઘણા વર્ષોથી સોનગઢ સ્થાયી રહી તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૪૪)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

૧. પ્રશ્ન : જીવ અને દ્રવ્યમાં શું ફેર ?

ઉત્તર : જીવ કહેતાં એકલું જીવદ્રવ્ય ખ્યાલમાં આવે છે અને દ્રવ્ય કહેતાં છએ દ્રવ્યો ખ્યાલમાં આવે છે.

૨. પ્રશ્ન : મોક્ષ સુખ ક્યાં હોય ? અહીં તે ભોગવી શકાય કે નહિ ?

ઉત્તર : મોક્ષ સુખ આત્માની શુદ્ધ પર્યાયમાં હોય છે અને આત્મામાં તે ભોગવી શકાય છે, મોક્ષ સુખનો સંબંધ બહારના ક્ષેત્ર સાથે નથી.

૩. પ્રશ્ન : પ્રતિજીવી ગુણ અને અનુજીવી ગુણ એટલે શું ?

ઉત્તર : વસ્તુનો જે ગુણ બીજાના અભાવની અપેક્ષા રાખે તેને અર્થાત્ અભાવસૂચક ગુણને પ્રતિજીવી ગુણ કહે છે અને જે ગુણ બીજાની અપેક્ષા ન રાખે તેને અર્થાત્ ભાવસૂચક ગુણને અનુજીવી ગુણ કહે છે.

૪. પ્રશ્ન : એકેન્દ્રિય અને નિગોદમાં શું ફેર ?

ઉત્તર : નિગોદના બધા જીવોને એકેન્દ્રિય કહેવાય પણ બધા એકેન્દ્રિયને નિગોદ ન કહેવાય.

૫. પ્રશ્ન : છ દ્રવ્યોમાંથી ખંડ દ્રવ્ય કેટલાં છે ?

ઉત્તર : છએ દ્રવ્યો પોતાના સ્વરૂપે અખંડ છે અને પરથી જુદા છે. પરમાણુના સ્કંધને ખંડરૂપ કહી શકાય, કેમકે તે સ્કંધમાંથી પરમાણુઓ છૂટા પડી જાય છે.

૬. પ્રશ્ન : રૂપી, અરૂપી, મૂર્તિક, અમૂર્તિક એમાંથી જીવને ક્યા ક્યા વિશેષણો લાગુ પડે છે ?

ઉત્તર : જીવ અરૂપી અને અમૂર્તિક છે. જડ વસ્તુનું રૂપ જીવમાં નથી તેથી અરૂપી કહેવાય છે પણ પોતાના જ્ઞાન વગેરેની અપેક્ષાએ તો તે સ્વ-રૂપી છે, જીવનમાં પોતાનું રૂપ છે. જ્ઞાન, દર્શન, વગેરે જીવનું સ્વરૂપ છે.

૭. પ્રશ્ન : બાહ્યક્રિયા અને અભ્યંતર ક્રિયા એટલે શું ?

ઉત્તર : ખરેખર જ્ઞાનની શુદ્ધ પર્યાય તે આત્માની અભ્યંતર ક્રિયા છે અને રાગ તે બાહ્યક્રિયા છે; અને ઉપચારથી રાગ તે અભ્યંતર ક્રિયા તથા શરીરાદિની ક્રિયા તે બાહ્યક્રિયા છે.

૮. પ્રશ્ન : ચૈતન્યની ક્રિયા શેમાં હોય અને શેમાં ન હોય ?

ઉત્તર : ચૈતન્યની ક્રિયા ચૈતન્યમાં હોય અને ચૈતન્યની ક્રિયા જડમાં ન હોય.

૯. ધર્મદ્રવ્ય એટલે શું ?

ઉત્તર : જે દ્રવ્ય સ્વયં ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલને ઉદાસીન  નિમિત્ત છે તેને ધર્મદ્રવ્ય કહે છે.

૧૦. પ્રશ્ન : માછલીને ગતિ કરવામાં પાણી નિમિત્ત થાય છે તો પાણી ધર્મદ્રવ્ય છે કે નહિ ?

ઉત્તર : પાણી ધર્મદ્રવ્ય નથી, કેમ કે પાણી તો રૂપી વસ્તુ છે, રૂપીપણું તે પુદ્‌ગલનો ગુણ છે. ધર્મદ્રવ્ય તો અરૂપી છે.

૧૧. પ્રશ્ન : પુદ્‌ગલ દ્રવ્ય ક્યા ગુણ વડે જાણે અને ક્યા ગુણ વડે જણાય ?

ઉત્તર : પુદ્‌ગલ દ્રવ્ય જડ છે તેથી તેનામાં જાણવાની શક્તિ નથી, તેના 'પ્રમેયત્વ' ગુણને લીધે તે જીવના જ્ઞાનમાં જણાય છે.

૧૨. પ્રશ્ન : અગુરુલઘુત્વગુણ આપણને પ્રગટ છે કે નહિ ?

ઉત્તર : અગુરુલઘુત્વગુણ બે જાતના છે, એક અનુજીવી અને બીજો પ્રતિજીવી, તેમાંથી અનુજીવી અગુરુલઘુત્વગુણ તો સામાન્ય હોવાથી બધાને પ્રગટે છે, પણ પ્રતિજીવી અગુરુલઘુત્વ ગુણ તે જીવદ્રવ્યનો વિશેષ ગુણ છે. આપણને તે ગુણ અત્યારે પ્રગટ નથી, સિદ્ધદશામાં તે ગુણ પ્રગટે છે.

૧૩. પ્રશ્ન : સાતા અને અસાતાના ઉદયના અભાવથી જીવને ક્યો ગુણ પ્રગટે ?

ઉત્તર : અવ્યાબાધ ગુણ પ્રગટે છે.

૧૪. પ્રશ્ન : સિદ્ધને સાતા હોય કે ન હોય ?

ઉત્તર : સિદ્ધને સાતા-અસાતા એકેય ન હોય, છતાં તેમને પૂર્ણ આત્મિક સુખ હોય.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો જાન્યુઆરી-૨૦૧૭ના ઉત્તરો

(૧) ચારિત્ર
(૨) એક
(૩) અનધ્યવસાય
(૪) એક સાથે
(૫) એક
(૬) પાંચ
(૭) આઠ
(૮) પ્રશમ
(૯) ચાર
(૧૦) મોક્ષ
(૧૧) ગ્રૈવેયક
(૧૨) અસંજ્ઞી
(૧૩) અત્યંત
(૧૪) જઘન્ય
(૧૫) અતિચાર
(૧૬) અપકર્ષણ
(૧૭) અનાયતન
(૧૮) નોકર્મ
(૧૯) ૧૪૮
(૨૦) મહાવ્રત

## (૪૪)

# બાળકો માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો)

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની પહેલી ઢાળમાંથી મળશે.)

(૧) ............... ................. ................... તે દુઃખનું કારણ છે.

(૨) ............... જીવ બધે દુઃખી છે.

(૩) .................... એ મહા દુઃખ દેનાર શત્રુ છે.

(૪) જ્યાં .................... છે ત્યાં જ સુખ છે.

(૫) જીવના ................. ભાવ અનુસાર કર્મ બંધાય છે.

(૬) સંસારમાં રખડતા જીવે ....................... ન જાણ્યું.

(૭) સંસારનો ઝાઝો કાળ જીવે ................. મહાદુઃખમાં ગાળ્યો.

(૮) ...................... ભાવો તે આશ્રય છે.

(૯) જીવ ............ છે શરીર ............. છે.

(૧૦) સુખ દુઃખ ................... માં છે ..................... માં સુખ દુઃખ નથી.

(૧૧) આત્મા ................. થી ભરેલો ભગવાન છે.

(૧૨) ............... ................. .................... વડે સંવર થાય છે.

(૧૩) અગૃહિત મિથ્યાત્વ એટલે ................ ના સાચા સ્વરૂપને ભૂલીને ............. માન્યું તે છે.

(૧૪) ગૃહિત મિથ્યાત્વ એટલે ............ ............... .............નું સેવન કરવું.

(૧૫) જીવે ................. ન છોડ્યું અને ............. ન કર્યું તેથી સંસાર ભ્રમણ ન ટળ્યું.

(૧૬) ................... તત્ત્વો જાણવા પ્રયોજનભૂત છે.

(૧૭) શુદ્ધદૃષ્ટિથી ..................... જ ઉપાદેય છે.

(૧૮) સાત તત્ત્વોમાં ............... ................... શત્રુ જેવા અને ............. ............. .................... મિત્ર જેવા છે.

(૧૯) ................ થી ભિન્નતા જાણીને ................ માં ઠરે તો મોક્ષમાર્ગની શરૂઆત થાય.

(૨૦) હું ................. સ્વરૂપ જીવ છું એમ જીવે અનુભવ કરવો જોઈએ.

# બાળકો માટેના આપેલ
# પ્રશ્ન જાન્યુઆરી–૨૦૧૭ના ઉત્તર

(૧) તીર્થંકરની દિવ્યધ્વનિ પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ તથા શુદ્ધાત્માના
(૨) અનંતા
(૩) અનંત
(૪) મનુષ્ય
(૫) ૮, આઠ
(૬) સુખી દુઃખી
(૭) મોહનું
(૮) સ્વભાવથી
(૯) અંતર્મુહૂર્ત
(૧૦) અજ્ઞાની
(૧૧) નરક, વિંછી
(૧૨) પુણ્ય અને પાપ
(૧૩) સાદિ અનંત
(૧૪) મિથ્યાદષ્ટિને ન
(૧૫) પંચેન્દ્રિય
(૧૬) સ્વભાવ પરિણતિ, દુઃખ
(૧૭) મનુષ્ય, તિર્યંચ
(૧૮) સમ્યક્દર્શન
(૧૯) જ્યોતિષી
(૨૦) સમ્યક્દષ્ટિ

## આત્મધર્મ ગ્રાહક મિત્રો માટે

(૧) 'આત્મધર્મ'ના દરેક ગ્રાહકને જણાવવાનું કે 'આત્મધર્મ' માસિક દરેક માસની ૧લી તારીખે પ્રકાશિત થાય છે તથા તે જ દિવસે પોસ્ટ કરવામાં આવે છે.

(૨) આપને આત્મધર્મ નિયમિત મળતું હશે જો ન મળતું હોય તો અમોને નીચેના સરનામે અથવા Email દ્વારા જાણ કરશો.

(૩) આપનું એડ્રેસ બદલાયું હોય તો અમોને આપનું નવું એડ્રેસ મોકલશો એની સાથે આપનો ગ્રાહક નંબર જે આત્મધર્મ ઉપર આવે છે તે જરૂર લખવા મહેરબાની કરશો.

(૪) જો આપને 'આત્મધર્મ' માસિક બંધ કરાવવું હોય તો પણ નીચેના સરનામે અથવા email દ્વારા જાણ કરવા વિનંતી.

(૫) આત્મધર્મ માસિક દર મહિનાની ૧લી તારીખે વેબસાઈટ ઉપર મુકવામાં આવે છે આપ છાપેલ માસિકને બદલે PDF ફાઈલ www.kanjiswami.org ઉપરથી મેળવી શકો છો. પોસ્ટથી અંક મોકલવાનું બંધ કરાવવા અમોને ગ્રાહક નંબર સાથે જાણ કરવા વિનંતી.

આત્મધર્મ કાર્યાલય
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર) ગુજરાત

www.kanjiswami.org
email : contact@kanjiswani.org
Phone : (02846) 244334

**શ્રી સુરત દિગંબર જૈન મુમુક્ષુ મંડળ–સુરત**
**સમ્યક્ ભાવના સહ અધ્યાત્મ અતિશયતીર્થ**
**સુવર્ણપુરીમાં સાનંદ ઊજવે છે**

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૫મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ''ભાવિ તીર્થંકરદ્રવ્યરૂપ'' સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૫મી વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૨૩-૩-૨૦૧૭ ગુરુવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. ''સમ્યક્ત્વ-જયંતીનો આ મંગળ મહોત્સવ તા. ૧૯-૩-૨૦૧૭ રવિવારથી તા. ૨૩-૩-૨૦૧૭ ગુરુવાર—પાંચદિવસ સુધી, શ્રી 'ચૌસઠઋદ્ધિ મંડળ પૂજન-વિધાન', પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોના ભક્તિસભર પ્રવચનો, ધાર્મિક શિક્ષણવર્ગ, વિશેષ ભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ શ્રી સુરત દિગંબર જૈન મુમુક્ષુ મંડળ-સુરત દ્વારા અતિ આનંદોલ્લાસ સહ સોનગઢમાં ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ-અવસર પર સમસ્ત મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.

નિમંત્રણ પત્રિકા–લેખનવિધિ તા. ૧૨-૨-૨૦૧૭ રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે.

નિમંત્રક
**શ્રી સુરત દિગંબર જૈન મુમુક્ષુ મંડળ—સુરતના**
**જય-જિનેન્દ્ર**

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૧૭
અંક-૬ ● વર્ષ-૧૧

Posted at Songadh PO
Publish on 1-2-2017
Posted on 1-2-2017

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## સાચો ત્યાગ

ક્રિયાકાંડની દૃષ્ટિવાળાને એમ લાગે કે સમયસાર સાંભળે છે પણ કોઈ આગળ વધતાં નથી. બાહ્ય ત્યાગ-તપ-વ્રત આદિ કરે તો તેને આગળ વધ્યા દેખાય. પણ ભાઈ ! સમયસાર સાંભળીને પરદ્રવ્યની ભિન્નતા, પરદ્રવ્યનું અકર્તાપણું રાગાદિ ભાવોમાં હેયબુદ્ધિ ને અંદર પડેલી પરમાત્મશક્તિનું ઉપાદેયપણું નિરંતર એના શ્રદ્ધા-જ્ઞાનમાં ઘૂંટાય છે. એ એના શ્રદ્ધા-જ્ઞાનનો સુધારો થાય છે તે આગળ વધ્યા નથી? અંદર શ્રદ્ધાજ્ઞાનમાં સત્યના સંસ્કાર પડે છે તે આગળ વધે છે. શ્રદ્ધા-જ્ઞાનને સાચા કર્યા વિનાના ત્યાગ-તપ-વ્રત આદિ કરે છે તેને આત્માનુશાસનકાર તો કહે છે કે આત્મભાન વિનાનો બાહ્ય ત્યાગ આદિ છે તે અજ્ઞાનીને અંતરંગ બળતરા છે. અંતરંગ મિથ્યાત્વના ત્યાગ વિનાના બાહ્ય ત્યાગને સાચો ત્યાગ કહેતા નથી. અંદરમાં શ્રદ્ધા-જ્ઞાન-સ્વરૂપાચરણચારિત્રમાં જે સુધારો થાય છે તે જ સાચો સુધારો છે પણ બાહ્ય દૃષ્ટિના આગ્રહવાળાને તે દેખાતા નથી.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**